

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 112
Dt.: 26-02-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa

### સુપ્રીમ કોર્ટની નારાજગી બાદ NCERTનો મહત્ત્વનો નિર્ણય

# પાઠ્ય પુસ્તકમાંથી 'ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર' પ્રકરણ હટાવાયું

### આ પુસ્તકના એક પ્રકરણમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અને કેસોના મોટા બેકલોગ અંગે ટિપ્પણી કરાઈ હતી, જેના કારણે ન્યાયિક ક્ષેત્રમાં ભારે રોષ જોવા મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શિક્ષણ જગત અને ન્યાયતંત્ર વચ્ચે સર્જાયેલા વિવાદ બાદ NCERT(નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ) દ્વારા ધોરણ -૮ના સામાજિક વિજ્ઞાનના નવા પુસ્તક એક્સપ્લોરિંગ સોસાયટીઃ ઈન્ડિયા એન્ડ બિયોન્ડ(પાર્ટ-૨)ના વેચાણ પર તાત્કાલિક અસરથી રોક લગાવી દેવામાં આવી છે. શિક્ષણ મંત્રાલયના સૂત્રોએ આ માહિતીની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે મંગળવારથી જ આ પુસ્તક બજારમાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું છે.

આ પુસ્તકના એક પ્રકરણમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અને કેસોના મોટા બેકલોગ અંગે ટિપ્પણી કરવામાં આવી હતી, જેના કારણે દેશના ન્યાયિક ક્ષેત્રમાં ભારે રોષ જોવા મળ્યો છે.

આ વિવાદની ગંભીરતા ત્યારે વધી જ્યારે ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે આ બાબતે કડક વલણ અપનાવ્યું. બુધવારે કોર્ટમાં વરિષ્ઠ વકીલો અભિષેક મનુ સિંઘવી અને કપિલ સિબલ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. કપિલ સિબલે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, ધોરણ ૮ના વિદ્યાર્થીઓને ન્યાયતંત્ર ભ્રષ્ટ છે એવું ભણાવવામાં આવે તે અત્યંત પરેશાન કરનારી બાબત છે. તેના જવાબમાં CJI સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, હું કોઈને પણ આ સંસ્થાને બદનામ કરવાની મંજૂરી આપીશ નહીં. આ એક ગંભીર બાબત છે અને આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવવો તે હું સારી રીતે જાણું છું.

નવા પુસ્તકમાં સમાવિષ્ટ આ વિવાદાસ્પદ પ્રકરણમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, સામાન્ય લોકો ન્યાયતંત્રના વિવિધ સ્તરો પર ભ્રષ્ટાચારનો અનુભવ કરે છે, જેના કારણે ગરીબ અને વંચિત લોકો માટે ન્યાય મેળવવો મુશ્કેલ બની જાય છે. આ સાથે જ ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન મળેલી અંદાજે ૧,૬૦૦ જેટલી ફરિયાદોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોકે, જૂના પુસ્તકોમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા અને માળખા વિશે જ માહિતી હતી, તેમાં ભ્રષ્ટાચાર જેવો કોઈ ઉલ્લેખ નહોતો.

સુપ્રીમ કોર્ટે NCERTના ધોરણ ૮ના નવા પાઠ્યપુસ્તકમાં ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચાર અને પેન્ડિંગ કેસો અંગેના પ્રકરણ સામે સુઓ મોટો લઈને કડક નારાજગી વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ મામલે અત્યંત ગંભીર વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે તેઓ ન્યાયતંત્રને બદનામ કરવાની મંજૂરી કોઈને પણ આપશે નહીં અને આ પગલું તેમને ઈરાદાપૂર્વકનું લાગી રહ્યું છે. આ વિવાદ ત્યારે વકર્યો જ્યારે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટનું ધ્યાન દોર્યું કે નાના વિદ્યાર્થીઓને ન્યાયતંત્ર ભ્રષ્ટ હોવાનું ભણાવવું એ ચિંતાનો વિષય છે, જ્યારે જસ્ટિસ બાગચીએ તેને બંધારણના મૂળભૂત માળખા વિરુદ્ધ ગણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, NCERTના નવા સિલેબસમાં અદાલતોમાં અંદાજે ૫ કરોડથી વધુ પેન્ડિંગ કેસો, ન્યાયાધીશોની અછત અને ભ્રષ્ટાચારને ન્યાયિક પ્રણાલીના પડકારો તરીકે દર્શાવવામાં આવ્યા હતા. જોકે, શિક્ષણ અને ન્યાયિક ગરિમા વચ્ચે સંતુલન જાળવવું અત્યંત મહત્ત્વનું હોવાથી, હાલમાં શિક્ષણ ક્ષેત્રે પારદર્શિતા જળવાય અને ન્યાયતંત્રનું મહત્ત્વ ઓછું ન થાય

### પોખરણમાં ગુંજી ભારતીય વાયુસેનાની ગર્જના

## વાયુ શક્તિ-૨૦૨૬માં હવાઈ શક્તિનું ભવ્ય પ્રદર્શન

### ફાઈટર જેટ્સ, હેલિકોપ્ટર અને મિસાઈલ પ્રણાલીઓથી આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાનું ભવ્ય પ્રદર્શન કર્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જેસલમેર

જેસલમેર નજીક આવેલી પોખરણ ચંદન ફાયરિંગ રેન્જ ખાતે હાલ વાયુ શક્તિ-૨૦૨૬ નામે ભારતીય વાયુસેનાનું શક્તિ પ્રદર્શન ચાલી રહ્યું છે. આ કવાયત દરમિયાન ઈન્ડિયન એરફોર્સે પોતાની આક્રમક અને રક્ષણાત્મક એમ બંને ક્ષમતાનું ભવ્ય પ્રદર્શન કર્યું હતું. જેને રણની વચ્ચે ગુંજતી લડાકુ વિમાનોની ગર્જના અને મિસાઈલોના સચોટ પ્રહારો દ્વારા દેશને સંદેશ આપવામાં આવ્યો કે ભારત હવાઈ સુરક્ષામાં સંપૂર્ણ રીતે સજ્જ છે. રાજસ્થાનના પોખરણમાં ચાલી રહેલા આ 'વાયુશક્તિ ૨૦૨૬' કવાયતમાં કુલ ૧૨૧ જેટલા વિમાનો અને વિવિધ મિસાઈલ પ્રણાલીઓના સમાવેશ સાથે આ કવાયત વાયુસેનાની નેટવર્ક આધારિત કાર્યક્ષમતાનું પ્રતિબિંબ બની છે. જેની શરૂઆત દસોલ્ટ રાફેલના દમદાર પ્રદર્શન સાથે થઈ હતી. સોનિક બૂમ સાથે રાફેલે નક્કી કરાયેલા લક્ષ્યોને ચોકસાઈથી ભેદી પોતાની શક્તિનું પ્રદર્શન કરી બતાવ્યું હતું.

ત્યારબાદ સુખોઈ Su-30MKI અને મિરાજ ૨૦૦૦ જેવા ફાઈટર જેટ્સે આધુનિક હથિયારો સાથે નિર્ધારિત લક્ષ્યોને નષ્ટ કરી પોતાની ઘાતક ક્ષમતા બતાવી હતી. સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ 'HAL તેજસ'એ પણ આકાશમાં શાનદાર કૌશલ્ય દર્શાવી 'આત્મનિર્ભર ભારત'ની શક્તિ રજૂ કરી હતી.

જ્યારે હેલિકોપ્ટર દળમાં 'HAL પ્રચંડ અને HAL ધ્રુવ'એ પોતાની મારક ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. સાથે જ 'બોઈંગ AH-64 અપાચે' અને 'બોઈંગ CH-47 ચિનુક' દ્વારા યુદ્ધ જેવી પરિસ્થિતિમાં તોપખાના સહિત અન્ય હથિયારોનું હવાઈ પરિવહન કરી વ્યૂહાત્મક તૈયારી બતાવવામાં આવી હતી. ત્યારબાદ સુખોઈ Su-30MKI અને મિરાજ ૨૦૦૦ જેવા ફાઈટર જેટ્સે આધુનિક હથિયારો સાથે નિર્ધારિત લક્ષ્યોને નષ્ટ કરી પોતાની ઘાતક ક્ષમતા બતાવી હતી. સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ 'HAL તેજસ'એ પણ આકાશમાં શાનદાર કૌશલ્ય દર્શાવી 'આત્મનિર્ભર ભારત'ની શક્તિ રજૂ કરી હતી.

ધરતીથી આકાશમાં માર કરતી રક્ષણ પ્રણાલીમાં આકાશ મિસાઈલ અને 'સમર મિસાઈલ સિસ્ટમ' દ્વારા હવામાં ઘુસણખોરી કરનાર લક્ષ્યોને (દુશ્મનના ડ્રોન, પ્લેન) સફળતાપૂર્વક નિશાન બનાવવામાં આવ્યા હતા.

જ્યારે પરિવહન અને લોજિસ્ટિક ક્ષમતામાં 'Lockheed Martin C-130J Super Hercules' પ્લેન દ્વારા હવાઈ પટ્ટી વગર ઉતરાણ અને Boeing C-17 Globemaster III દ્વારા ભારે સૈન્ય સાધનો ઉતારવાની કવાયત યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે માનવતા મિશનમાં પણ વાયુસેના અગ્રેસર રહી છે. વર્ષ ૨૦૨૩માં સુદાનમાં ફાટી નીકળેલા ગૃહયુદ્ધ દરમિયાન ભારતીય વાયુસેનાએ ઓપરેશન કાવેરી ચલાવી ૧૧૦૦થી વધુ ભારતીયોને સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવ્યા હતા. હાલ વાયુ શક્તિ-૨૦૨૬એ સાબિત કર્યું કે, ભારતીય વાયુસેના માત્ર શક્તિશાળી જ નહીં, પરંતુ આધુનિક ટેકનોલોજી, ચોકસાઈ અને ઝડપી પ્રતિસાદ ક્ષમતામાં પણ વિશ્વસ્તરીય છે.

### ESICએ ૧ કરોડ લોકોને આપી મોટી ભેટ

## ૪૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે ફ્રી હેલ્થ ચેકઅપ

### હાલમાં ESIC પાસે ૧૬૬ હોસ્પિટલો, ૧૭ મેડિકલ કોલેજો અને લગભગ ૧,૬૦૦ ડિસ્પેન્સરીનું નેટવર્ક છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) એ એક કરોડથી વધુ લોકોને મોટી ભેટ આપી છે. વાસ્તવમાં ESICએ મંગળવારે ૪૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના પોતાના ૧ કરોડથી વધુ સભ્યો માટે ફ્રી એન્યુઅલ હેલ્થ ચેકઅપ સ્કીમની શરૂઆત કરી છે. ESICએ પોતાની સ્થાપનાની ૭૫મી વર્ષગાંઠ પર આ પહેલ શરૂ કરી છે.

નવા લેબર કોડ પ્રમાણે કામદારોના સ્વાસ્થ્ય અને કલ્યાણને ધ્યાનમાં રાખીને આ મહત્વનો નિર્ણય લેવાયો છે.

તમને જણાવી દઈએ કે, ESICની આરોગ્ય વીમા યોજનાના કાર્યક્ષેત્ર હેઠળ લગભગ ૩.૮ કરોડ સભ્યો છે, જેમાંથી લગભગ એક કરોડ સભ્યોની ઉંમર ૪૦ વર્ષથી વધુ છે. હાલમાં ESIC પાસે ૧૬૬ હોસ્પિટલો, ૧૭ મેડિકલ કોલેજો અને લગભગ ૧,૬૦૦ ડિસ્પેન્સરીનું નેટવર્ક છે.

ગત વર્ષે નવેમ્બરમાં જે નોટિફિકેશન બહાર પડ્યું તે મુજબ નવી શ્રમ સંહિતાઓ હેઠળ ૪૦ વર્ષથી વધુ ઉંમરના કામદારોની ફ્રી એન્યુઅલ હેલ્થ ચેકઅપ સ્કીમ કરાવવી નોકરીદાતાઓ માટે ફરજિયાત કરવામાં આવ્યું છે. આ જ કારણ છે કે, કર્મચારી રાજ્ય વીમા નિગમે પણ ફ્રી એન્યુઅલ હેલ્થ ચેકઅપ સ્કીમ લોન્ચ કરી છે. આ ફ્રી હેલ્થ ચેકઅપ હવે માત્ર એક સુવિધા નથી, પણ નોકરીદાતાઓ માટે એક કાનૂની જવાબદારી બની ગઈ છે. શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ કામદારો માટે ફ્રી એન્યુઅલ હેલ્થ ચેકઅપ શરૂ કરવાની જાહેરાત કરતા કહ્યું કે, આ પગલું કામદારોના કલ્યાણને મજબૂત બનાવશે. ESICએ સુધાર અને પ્રદર્શનનો અભિગમ અપનાવતા અને સેવા વિતરણમાં વધુ સુધારો કરવા માટે સામૂહિક સંકલ્પ લેવો જોઈએ. માંડવિયાએ ESIC હોસ્પિટલોમાં દવાઓ, સાધનો અને ડોકટરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત દર્દીઓને બીજી હોસ્પિટલમાં રિફર કરવાના મામલા ઓછા રાખવા માટે આતંરિક સુવિધાઓ વધારવા માટે પણ હાકલ કરી હતી. તેમણે જણાવ્યું કે, ESICએ પોતાના ધોરણોને AIIMS જેવી ટોચની સંસ્થાઓના સ્તરે લઈ જવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

આ ઉપરાંત રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ અને ESIC વચ્ચે ESI યોજનાને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે સંકલિત કરવા માટે એક કરાર કરવામાં આવ્યો છે. આનો હેતુ સંકલિત સ્વાસ્થ્ય સેવા વિતરણને મજબૂત બનાવવા અને ગુણવત્તાયુક્ત સેવાઓ સુધી પહોંચનો વિસ્તાર કરવાનો છે.

## ઈરાન સાથે ટેન્શન વચ્ચે મોટી દુર્ઘટનાઃ અમેરિકન F-16 ફાઈટર જેટ તૂર્કિયેમાં તૂટી પડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)તૂર્કિયે

તૂર્કિયેના બાલીકેસિર પ્રાંતમાં ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ની વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. મિશન ફ્લાઈટ પર નીકળેલું તૂર્કિયે વાયુસેનાનું F-16 ફાઈટર જેટ ઉડાન ભર્યાની ગણતરીની મિનિટોમાં જ ક્રેશ થઈ ગયું હતું. આ કરુણ અકસ્માતમાં પાયલટ મેજર ઈબ્રાહિમ બોલાત શહીદ થયા છે. તૂર્કિયેના પશ્ચિમ પ્રાંત બાલીકેસિરના ૯મા મેઈન જેટ બેઝ પરથી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વહેલી સવારે (લગભગ ૧૨:૫૦ વાગ્યે) આ ફાઈટર જેટે ઉડાન ભરી હતી. ટેકઓફ થયાની થોડી જ ક્ષણોમાં પ્લેનનો રડાર અને રેડિયો સંપર્ક તૂટી ગયો હતો. આ જેટ બાલીકેસિર નજીક આવેલા ઈસ્તંબુલ-ઈઝ્મીર હાઈવે પાસે જઈને પડ્યું હતું. દુર્ઘટના એટલી ભયાનક હતી કે પ્લેનનો કાટમાળ દૂર-દૂર સુધી વેરાઈ ગયો હતો અને જોરદાર ધડાકા સાથે આગનો ગોળો આકાશમાં ઉઠ્યો હતો.હાઈવે પરથી પસાર થઈ રહેલી કારના ડેશકેમમાં આ દુર્ઘટનાના દ્રશ્યો કેદ થયા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે જેટ ખૂબ જ ઝડપથી નીચેની તરફ પડી રહ્યું છે અને ત્યારબાદ જોરદાર વિસ્ફોટ થાય છે. સદનસીબે હાઈવે પર કોઈ સામાન્ય નાગરિકને ઈજા પહોંચી નથી. બચાવ ટુકડીએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને કામગીરી શરૂ કરી દીધી હતી.

F-16 ફાઈટીંગ ફાલ્કનઃ તૂર્કિયેની હવાઈ શક્તિનો સ્તંભ

નિર્માતાઃ જનરલ ડાયનેમિક્સ (હાલ લોકહીડ માર્ટિન).

### UK જવા ઈચ્છતા ભારતીયો માટે ખુશખબર

## આજથી ઈ-વિઝા સિસ્ટમ શરુ, પાસપોર્ટ જમા કરાવવાની જરૂર નહીં

### ભારતીય અરજદારો માટે યુકે ઈ-વિઝા સેવા શરુ કરી દેવામાં આવી છે, જે પરંપરાગત વિઝા સ્ટીકરનું સ્થાન લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બ્રિટન (UK) જવાની તૈયારી કરી રહેલા ભારતીયો માટે આજે ખુશીનો દિવસ છે. કારણ કે યુકે સરકારે તેની વિઝા સિસ્ટમને સંપૂર્ણપણે ડિજિટલ બનાવી દીધી છે. અત્યાર સુધી પાસપોર્ટ પર વિઝા સ્ટીકર લગાવવાની જે સિસ્ટમ હતી, તેનો હવે અંત આવ્યો છે અને તેની જગ્યાએ હવે 'ઈ-વિઝા' (eVisa) આપવામાં આવશે. આ નવા ફેરફારને કારણે હવે ભારતીય પ્રવાસીઓએ વિઝા પ્રોસેસિંગ વખતે પાસપોર્ટ જમા કરાવવાની જરૂર રહેશે નહીં.

કોલકાતા સ્થિત બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનના જણાવ્યા અનુસાર, ઈ-વિઝા એ વ્યક્તિના ઈમિગ્રેશન સ્ટેટસનો ડિજિટલ રેકોર્ડ છે, જે પ્રવાસીના પાસપોર્ટ સાથે ડિજિટલ રીતે લિંક રહેશે. આ સિસ્ટમ દ્વારા પ્રવાસીઓ ટુરિસ્ટ, સ્ટુડન્ટ કે વર્ક વિઝા જેવી વિગતો ઓનલાઈન 'UKVI' જોઈ શકશે. જે લોકો પાસે અત્યારે વેલિડ સ્ટીકર વિઝા છે, તેમણે નવેસરથી અરજી કરવાની જરૂર નથી, પરંતુ તેમણે પણ પોતાનું ઓનલાઈન એકાઉન્ટ બનાવી તેને પાસપોર્ટ સાથે લિંક કરવું પડશે.

ભારતીય અરજદારો માટે આજથી યુકે ઈ-વિઝા સેવા શરુ કરી દેવામાં આવી છે, જે પરંપરાગત વિઝા સ્ટીકરનું સ્થાન લેશે. હવે બાયોમેટ્રિક્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અરજદારોને તે જ દિવસે પાસપોર્ટ પરત મળી જશે, જેનાથી વિઝાના નિર્ણયની રાહ જોતી વખતે તેઓ અન્ય દેશોના વિઝા માટે અરજી કરી શકશે અથવા મુસાફરી કરી શકશે. નોંધનીય છે કે તાજેતરમાં ૫.૫૦ લાખથી વધુ ભારતીયોએ યુકે વિઝા માટે અરજી કરી હતી. આ નવી સિસ્ટમમાં સગીર બાળકો સહિત પરિવારના દરેક સભ્ય માટે અલગ ઓનલાઈન એકાઉન્ટ હોવું અનિવાર્ય છે. પ્રવાસીઓએ મુસાફરી દરમિયાન વિઝાના ડિજિટલ પુરાવા ફોન અથવા પ્રિન્ટ સ્વરૂપે સાથે રાખવા પડશે. શરુઆતના તબક્કે કેટલીક ટેકનિકલ ખામીઓ સર્જાવાની શક્યતાને જોતાં બ્રિટિશ હોમ ઑફિસ આ પ્રક્રિયા પર સતત દેખરેખ રાખી રહી છે.

વિગતવાર માહિતી મેળવવા માટે અહીં ક્લિક કરો. અત્યાર સુધી વિઝાની પ્રક્રિયામાં પાસપોર્ટને લગભગ ત્રણ અઠવાડિયા સુધી રોકી રખાતો હતો. પરંતુ નવા નિયમ મુજબ, વિઝા અરજદારોએ બાયોમેટ્રિક્સ અને ઓળખની ચકાસણી માટે વિઝા ઍપ્લિકેશન સેન્ટર (VAC) પર તો જવું પડશે, પરંતુ હવે ત્યાં પાસપોર્ટ જમા કરાવવાની જરૂર રહેશે નહીં. અરજદાર પોતાની પ્રક્રિયા પૂર્ણ કરીને તે જ દિવસે પાસપોર્ટ પોતાની સાથે પરત ઘરે લઈ જઈ શકશે. અગાઉ વિઝા પ્રોસેસિંગ દરમિયાન પાસપોર્ટ લગભગ ૨થી ૩ અઠવાડિયા સુધી એમ્બેસી પાસે રહેતો હતો, જેના કારણે મુસાફરો આ દરમિયાન અન્ય કોઈ દેશની યાત્રા કરી શકતા નહોતા. હવે પાસપોર્ટ તમારી પાસે જ રહેતો હોવાથી, તમે યુકેના વિઝાની પ્રક્રિયા ચાલુ હોય ત્યારે પણ અન્ય દેશના વિઝા માટે અરજી કરી શકશો અથવા વિદેશ પ્રવાસ કરી શકશો. તમામ પ્રવાસીઓએ હવે UKVI પર પોતાનું ઓનલાઈન એકાઉન્ટ બનાવવાનું રહેશે. આ એકાઉન્ટ તમારા પાસપોર્ટ સાથે ડિજિટલી લિંક થયેલું હશે. જે લોકો પાસે અત્યારે વેલિડ સ્ટીકર વિઝા છે, તેમણે ફરીથી અરજી કરવાની જરૂર નથી, પરંતુ તેમણે પણ પોતાનું UKVI એકાઉન્ટ બનાવી તેને પાસપોર્ટ સાથે લિંક કરવું પડશે.

## હવે ૧ માર્ચથી જમ્મુથી શ્રીનગર સુધી વંદેભારત એક્સપ્રેસ ટ્રેન નહીં દોડેઃ રેલવેએ કર્યો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસ અંગે, ઉત્તર રેલવેએ કરેલી ઉત્સાહભેર જાહેરાતના કલાકો બાદ ફરીથી એક મોટો ખુલાસો કર્યો છે. આ ટ્રેન હવે ૧ માર્ચથી નહીં દોડે. અગાઉ, ઉત્તર રેલવેએ જાહેરાત કરી હતી કે, શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને જમ્મુ સુધી લંબાવવામાં આવી છે. લાંબા સમયથી ચાલતી માંગ હવે પૂર્ણ થઈ છે. આનાથી હજારો મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને વધુ વિશ્વસનીય મુસાફરીનો વધુ એક વિકલ્પ મળ્યો છે. ઉત્તર રેલવેએ જાહેરાત કરી હતી કે, જાહેર જનતાની માંગને કારણે, ઉત્તર રેલવેએ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-શ્રીનગર વચ્ચે દોડતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને જમ્મુ સુધી લંબાવી છે. આનાથી જમ્મુ અને કાશ્મીર ખીણ વચ્ચે મુસાફરોની મુસાફરી વધુ સરળ બનશે. આ ટ્રેનો આ વર્ષની ૧ માર્ચથી કાર્યરત થશે.અગાઉ જાહેરાત કરવામાં આવી હતી, કે જમ્મુ તાવી-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસ (૨૬૪૦૧) સવારે ૬:૧૫ વાગ્યે ઉપડશે, શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સવારે ૮:૦૮ વાગ્યે પહોચશે, રિયાસી સવારે ૮:૨૮ વાગ્યે અને બનિહાલ સવારે ૯:૫૬ વાગ્યે પહોચશે. જ્યારે શ્રીનગર સવારે ૧૧:૧૦ વાગ્યે પહોંચશે. એ જ રીતે શ્રીનગર-જમ્મુ તાવી વંદે ભારત એક્સપ્રેસ (૨૬૪૦૨) બપોરે ૨ વાગ્યે શ્રીનગરથી ઉપડશે, બનિહાલ બપોરે ૨:૫૮ વાગ્યે પહોચશે, રિયાસી બપોરે ૪:૩૪ વાગ્યે અને શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સાંજે ૫ વાગ્યે પહોચીને જમ્મુ તાવી સાંજે ૬:૫૦ વાગ્યે પહોંચશે.ઉત્તર રેલવેએ એમ પણ જણાવ્યું હતું કે, કટરાથી જમ્મુ સુધીના એક્સટેન્શન કરવાથી, મુસાફરો હવે જમ્મુ અને શ્રીનગર વચ્ચે પાંચ કલાકથી ઓછા સમયમાં મુસાફરી કરી શકશે, જેનાથી રોડ દ્વારા મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઓછો થશે. આ પ્રદેશમાં રોડ મુસાફરી ઘણીવાર ભૂસ્ખલન, ભારે હિમવર્ષા અને ખરાબ હવામાનને કારણે વિક્ષેપનો સામનો કરે છે. વંદે ભારત સેવાઓનો વિસ્તરણ એક વિશ્વસનીય, બધા જ પ્રકારના હવામાનમાં ઉપલબ્ધ વિકલ્પ પૂરો પાડે છે. જે સલામતી, આરામ અને સમયસરતા સુનિશ્ચિત કરે છે.સેમી-હાઈ-સ્પીડ વંદે ભારત ટ્રેન આધુનિક મુસાફરોની સુવિધાઓ અને ઉન્નત સલામતી સુવિધાઓથી સજ્જ છે, જે મુસાફરીને માત્ર ઝડપી જ નહીં પરંતુ વધુ અનુકૂળ પણ બનાવે છે. આ વિસ્તરણથી સ્થાનિક રહેવાસીઓને ઘણો ફાયદો થશે, પર્યટનને વેગ મળશે, વેપારને સરળ બનાવશે અને પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપશે તેવી અપેક્ષા છે.



# તંત્રી લેખ......

## ભેળસેળિયા ખોરાક અને નકલી ઉત્પાદનોના વધતા જોખમને પ્રકાશિત કરે છે

જેમ જેમ હોળી નજીક આવી રહી છે, તેમ તેમ દેશભરમાંથી નકલી ખોયા, ચીઝ અથવા ભેળસેળિયા મીઠાઈઓ જપ્ત થવાના સમાચાર આવી રહ્યા છે. ગયા અઠવાડિયે, આગ્રાથી આવેલા એક અહેવાલમાં જણાવાયું હતું કે રાજસ્થાનથી આયાત કરાયેલ ૧,૩૨૦ કિલો ભેળસેળયુક્ત ખોયા જપ્ત કરવામાં આવ્યા હતા. કાનપુરથી આવેલા એક અહેવાલમાં જણાવાયું હતું કે ?૫૦ લાખની કિંમતની ૧૦,૦૦૦ કિલો જૂની, બગડેલી ખજૂર ફરીથી પેક કરવામાં આવી રહી હતી અને હોળી અને રમઝાન પહેલા બજારમાં વેચવા માટે ફરીથી પેક કરવામાં આવી રહી હતી.

તે જ દિવસના બીજા અહેવાલમાં જણાવાયું હતું કે કાનપુરમાં ૬૦૦ કિલો ભેળસેળયુક્ત ખોયા જપ્ત કરવામાં આવ્યા હતા. વધુમાં, ૨ લાખથી વધુ કિંમતની કાપેલી સોપારી જપ્ત કરવામાં આવી હતી, જે ભેળસેળયુક્ત હોવાનું માલૂમ પડતાં તેનો નાશ કરવામાં આવ્યો હતો. લખનૌથી આવેલા એક અહેવાલમાં તાજેતરમાં જણાવાયું હતું કે ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગે ભેળસેળયુક્ત ખોરાક સામેની ઝુંબેશમાં લગભગ ૧૩ ક્વિન્ટલ સડેલી અને માનવ વપરાશ માટે અસુરક્ષિત ખજૂરનો નાશ કર્યો હતો. ઝુંબેશના ભાગ રૂપે બે હજાર કિલો હળદર અને ૨૦,૦૦૦ કિલો સોપારી પણ જપ્ત કરવામાં આવી હતી, જે બગડેલી હોવાની શંકા છે. સહારનપુરના એક અહેવાલ મુજબ, ફૂડ વિભાગે રામપુર મણિહરન શહેરમાં આશરે ૬.૫ ક્વિન્ટલ ભેળસેળયુક્ત ચીઝ જપ્ત કરી હતી.

તાજેતરમાં જ, ભીલવાડામાં એક કોલ્ડ સ્ટોરેજ સુવિધામાંથી શંકાસ્પદ ભેળસેળયુક્ત મસાલાનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તેમાંથી ૨,૩૦૦ કિલોગ્રામ લાલ મરચાં પાવડર અને ૧,૭૦૦ કિલોગ્રામ ધાણાના બીજ ભેળસેળની શંકાના આધારે જપ્ત કરવામાં આવ્યા હતા. આ મહિને, ગુજરાતના સાબરકાંઠામાં ડિટર્જન્ટ, કોસ્ટિક સોડા અને યુરિયાનો ઉપયોગ કરીને ભેળસેળયુક્ત દૂધ અને છાશ બનાવતી એક ફેક્ટરીનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ ફેક્ટરી છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત હતી. તાજેતરમાં, આંધ્રપ્રદેશના એક શહેરમાં ભેળસેળયુક્ત અને ઝેરી દૂધ ખાવાથી પાંચ લોકોના મોત થયા હતા. જો આપણે છેલ્લા ૧૫-૨૦ દિવસમાં દેશભરમાંથી આવેલા અહેવાલોને ધ્યાનમાં લઈએ, તો આ આખું પાનું અથવા એક અખબાર પણ તેમની યાદી આપવા માટે અપૂરતું રહેશે. આપણે એવું તારણ કાઢવાની ભૂલ ન કરવી જોઈએ કે નકલી અથવા ભેળસેળયુક્ત ખાદ્ય ઉત્પાદનો ફક્ત તહેવારો દરમિયાન જ ઉત્પન્ન અને વેચાય છે. વાસ્તવમાં, આ પ્રથા આખા વર્ષ દરમિયાન સતત ચાલુ રહે છે.

કોઈએ એવું તારણ ન કાઢવું જોઈએ કે ભેળસેળયુક્ત, નકલી અને હલકી ગુણવત્તાવાળા ખાદ્ય પદાર્થોનું નિરીક્ષણ કરવા અને તેનું ઉત્પાદન અને વેચાણ કરનારાઓ સામે કાર્યવાહી કરવા માટે જવાબદાર વિભાગો હંમેશા ભેળસેળખોરો સામે સતર્ક રહે છે. સત્ય એ છે કે આવા વિભાગો ફક્ત તહેવારો દરમિયાન જ સતર્ક અને સક્રિય હોય છે. એવું સરળતાથી માની શકાય છે કે તેમની સતર્કતા અને પ્રવૃત્તિ બજારમાં વેચાતી ભેળસેળયુક્ત અને નકલી ખાદ્ય ચીજોનો માત્ર એક ભાગ જ પકડે છે.

કલ્પના કરો કે આપણા દેશમાં કેટલા લોકો ભેળસેળયુક્ત, નકલી અને બિનઆરોગ્યપ્રદ ખાદ્ય ચીજોનું સેવન કરવા માટે તૈયાર છે અને પરિણામે બીમાર પડી જાય છે. ભેળસેળયુક્ત અને નકલી ખાદ્ય ચીજો સામેની ઝુંબેશ દરમિયાન, એવા સમાચાર આવે છે કે શંકાસ્પદ ખાદ્ય ચીજોના નમૂના પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે, પરંતુ આ નમૂનાઓના પરિણામો વિશે ભાગ્યે જ કોઈ સમાચાર મળે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૭૨૨ અને ચાંદીના વાયદામાં રૂ.૪૨૫૬નો પ્રત્યાઘાતી ઉછાળોઃ ક્રૂડ તેલમાં રૂ.૨નો સુધારો


## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૩૭૬.૪૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૧૩૨૨૧.૫૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૩૦૨૫.૬૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૦૧૩૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૪૨૬૦૨.૫૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૩૭૬.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૧૩૨૨૧.૫૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૧૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૧૮.૧૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૩૦૨૫.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૯૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧૬૫૨ અને નીચામાં રૂ.૧૬૦૧૬૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૯૯૬૯ના આગલા બંધ સામે રૂ.૭૨૨ની તેજી સાથે રૂ.૧૬૦૬૯૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫૧ વધી રૂ.૧૨૮૮૨૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૨ વધી રૂ.૧૬૨૫૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૯ વધી રૂ.૧૫૮૩૩૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૨૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૩૭૩ અને નીચામાં રૂ.૧૫૭૦૨૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૭૯૪૬ના આગલા બંધ સામે રૂ.૬૫૬ વધી રૂ.૧૫૮૬૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૯૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૦૫૦૦ અને નીચામાં રૂ.૨૬૩૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૬૦૭૪૪ના આગલા બંધ સામે રૂ.૪૨૫૬ના ઉછાળા સાથે રૂ.૨૬૫૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪૯૫૫ વધી રૂ.૨૬૮૨૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૬૦૩૦ વધી રૂ.૨૬૮૮૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૯૪૩.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૨૨.૧ વધી રૂ.૧૨૦૦.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૬૫ ઘટી રૂ.૩૨૬.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૯૫ પૈસા વધી રૂ.૩૦૪.૩ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૨૦ પૈસા વધી રૂ.૧૮૬.૨ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૪૦૪.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૫૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૬૦૦ અને નીચામાં રૂ.૩૫૬૫ના મથાળે અથડાઈ, રૂ.૧૮ વધી રૂ.૩૫૮૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૬૦૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૭૩ અને નીચામાં રૂ.૫૯૭૦ના મથાળે અથડાઈ, રૂ.૬૦૦૮ના આગલા બંધ સામે રૂ.૨ વધી રૂ.૬૦૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૨ ઘટી




રૂ.૬૦૦૮ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૧ ઘટી રૂ.૨૫૯ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૩.૩ ઘટી રૂ.૨૫૯.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૪૦.૭ના ભાવે ખૂલી, રૂ.૨.૫ વધી રૂ.૯૪૫ થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૪૬૧ના ભાવે ખૂલી, રૂ.૫૪ ઘટી રૂ.૨૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૧૮૧.૩૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૮૪૪.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૪૩૬૬.૬૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૮.૯૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭.૫૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૯૩.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૦.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૭૫.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૯૮.૧૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૩૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૪૭૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૪૬૬૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૨૭૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૯૬૭૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૨૦૬૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૧૪૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૭૩૪૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૫૨૮૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૨૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૭૮૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૨૫૨ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૦૧૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૦૨૭૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૦૦૧૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૪૯ પોઈન્ટ વધી ૪૦૧૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૪ વધી રૂ.૩૨૭.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૧૭.૩ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૫.૫ ઘટી રૂ.૩૪૮ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૮.૫ વધી રૂ.૧૭૮૭૮ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૫ વધી રૂ.૧૬.૩૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૭૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૦.૬૯ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૬૫ વધી રૂ.૩૩૧.૭ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૭.૭૫ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬ ઘટી રૂ.૭૮૯ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૨૫ વધી રૂ.૧૮૨૧૯.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫.૬ વધી રૂ.૩૨૧.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ વધી રૂ.૧૭.૭ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૬ ઘટી રૂ.૧૧૩૩.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૮ ઘટી રૂ.૨૫૯૦ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૬૨ ઘટી રૂ.૩૮.૨૫ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૭૫ વધી રૂ.૩૧.૨ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫ વધી રૂ.૧૮.૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૪.૫ ઘટી રૂ.૫૬૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૯૮ ઘટી રૂ.૧૨૧૯૯.૫ના ભાવે બોલાયો હતો.

# આંગડિયા પેઢીના કર્મચારીઓને લૂંટતી કુખ્યાત છારા ગેંગના ૨ સાગરીતો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી સક્રિય અને આંગડિયા પેઢીના કર્મચારીઓને નિશાન બનાવતી કુખ્યાત છારા ગેંગના બે સાગરીતોને પોલીસે ઝડપી પાડ્યા છે. ગત ડિસેમ્બર મહિનામાં સરખેજ અને એલિસબ્રિજ વિસ્તારોમાં લૂંટની ઘટનાઓ બની હતી. જેની તપાસ દરમિયાન પોલીસને છારાનગરની ગેંગ સંડોવાયેલી હોવાના પુરાવા મળ્યા હતા.બે દિવસ પહેલા આ ગેંગના સભ્યો સરખેજ વિસ્તારમાં ફરી રહ્યા હોવાની ચોક્કસ બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી હતી. જેમાં પ્રતીક પાંડેકર અને સંકુલ નામના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ બંને આરોપીઓ અગાઉ પણ સાત જેટલા ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે.આ ગેંગના સભ્યો મુખ્યત્વે આંગડિયા પેઢીના વ્યવહારો પર નજર રાખતા અને ત્યારબાદ પોતાનો 'ટાર્ગેટ' નક્કી કરતા હતા. તેમની મોડસ ઓપરેન્ડી પાર્ક કરેલી ગાડીઓના કાચ તોડીને તેમાંથી રોકડ ભરેલી બેગની ચોરી કરવાની હતી. સરખેજમાં પણ તેઓએ આ જ પદ્ધતિથી ગાડીનો કાચ તોડી ૧૦ લાખની મોટી રકમની લૂંટ ચલાવી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી પોલીસે અત્યાર સુધીમાં ૮ લાખની રોકડ અને ૨.૫ લાખની કિંમતની ચાંદી મળી કુલ ૧૦.૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ અમદાવાદના બોપલ, રામોલ અને સોલા સહિતના વિસ્તારોમાં આચરેલી ચોરીઓ અને અન્ય ૭ જેટલા ગુનાઓની કબૂલાત કરી છે. આ ટોળકીમાં કુલ ૪ થી ૫ સભ્યો સક્રિય હતા. જેમાંથી પ્રતીક અને સંકુલ પકડાયા છે, જ્યારે અન્ય સાગરીતો અજય, વિશાલ, રોશની અને શનિ હાલ ફરાર છે. પોલીસ આ ફરાર આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને ગેંગ દ્વારા આચરવામાં આવેલા અન્ય ગુનાઓની દિશામાં પણ તપાસ હાથ ધરી છે.

## લાખાબાવળ સ્ટેશન પર ભાવનગર–ઓખા–ભાવનગર એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ તાત્કાલિક રીતે રદ

રાજકોટ મંડળ હેઠળ આવતાં લાખાબાવળ રેલવે સ્ટેશન પર નવા ફૂટ ઓવર બ્રિજ (FOB) ના નિર્માણ કાર્યને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુરક્ષા તેમજ કાર્યની સુચારુ પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૯૨૧૦ ભાવનગર–ઓખા–ભાવનગર એક્સપ્રેસનું સ્ટોપેજ તાત્કાલિક રીતે રદ કરવામાં આવ્યું છે.

નિર્ધારિત કાર્યક્રમ મુજબ લાખાબાવળ સ્ટેશન પર ઉપરોક્ત ટ્રેનનું ઠેરવણું તારીખ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૫ માર્ચ, ૨૦૨૬ સુધી રદ રહેશે. નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ ટ્રેનનું નિયમિત સ્ટોપેજ ફરીથી શરૂ કરવામાં આવશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ આ તાત્કાલિક ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અને અપડેટ માહિતી માટે મુસાફરોને વિનંતી છે કે તેઓ ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે, જેથી કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૨૫/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૬૨૮ | ૪૮૪.૦૦ | ૫૯૪.૦૦ |
| ૨ | મગફળી | 30 | ૧,૦૦૦.૦૦ | ૧,૩૦૩.૦૦ |
| ૩ | એરંડા | ૦ | ૧,૨૪૦.૦૦ | ૧,૨૬૫.૦૦ |
| ૪ | રાયડો | ૬૦ | ૧,૧૦૧.૦૦ | ૧,૧૩૬.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૨૯૦.૦૦ | 330.00 |
| ૭ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૮ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | 3,000.00 |
| ૯ | કપાસ | ૧૧૫ | ૧,૫૬૦.૦૦ | ૧,૫૭૮.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

સેમિકનેક્ટ કોન્ફરન્સની ત્રીજી આવૃત્તિમાં વૈશ્વિક CEOs અને નીતિ નિર્માતાઓ ભાગ લેશે

# ગુજરાત આગામી ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ મહાત્મા મંદિર ખાતે ૩જી સેમિકનેક્ટ કોન્ફરન્સની યજમાની કરશે

માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ, સીજી સેમી, કેઈન્સ અને તેમના વૈશ્વિક ભાગીદારો ગુજરાતના સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસમાં જોડાશે

ગુજરાત સરકાર આગામી ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬ની ત્રીજી આવૃત્તિની યજમાની કરશે. ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન **(GSEM)** દ્વારા આયોજિત, આ વૈશ્વિક કોન્ફરન્સ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ થકી પ્રેરિત છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનશ્રીના ટેક્નોલોજીમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના આહ્વાને સેમિકન્ડક્ટર ક્ષેત્રને ભારતના ગ્રોથ એજન્ડાના કેન્દ્રમાં સ્થાપિત કર્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી **(IT)**, રેલવે તેમજ માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને સાયન્સ અને ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે.

આ કોન્ફરન્સનું થીમ છેઃ 'ગુજરાતઃ ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન' (ગુજરાતઃ સિલિકોન માટે ભારતનું પ્રવેશદ્વાર), જે ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના પ્રમુખ કેન્દ્ર તરીકે સ્થાપિત થવાની રાજ્યની મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે. ગુજરાત તેના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક કોરિડોર અને રોકાણકારોને અનુકૂળ નીતિઓ સાથે ભારતના સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને રિસર્ચ ક્ષમતાઓને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. આ કોન્ફરન્સ વૈશ્વિક સેમિકન્ડક્ટર સીઈઓ, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ અગ્રણીઓને એકસાથે લાવશે, જેઓ વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં ભારતની સ્થિતિને મજબૂત બનાવતી વ્યૂહરચનાઓ પર ચર્ચા કરશે.

આ બે દિવસીય કોન્ફરન્સમાં મુખ્ય ભાષણો, થીમેટિક પેનલ્સ અને આંતરરાષ્ટ્રીય રાઉન્ડટેબલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે નેક્સ્ટ જનરેશન સેમિકન્ડક્ટર રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગ, ધોલેરા અને સાણંદ જેવા હબ માટે લોજિસ્ટિક્સ અને નિકાસની સજ્જતા, ભવિષ્યના કૌશલ્યો માટે કાર્યબળનો વિકાસ જેવા સત્રો યોજાશે. સત્રોમાં થનારી ચર્ચાઓમાં ભારતના ઈલેક્ટ્રોનિક્સ પાયાને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેમાં પ્રિન્ટેડ સર્કિટ બોર્ડથી લઈને રેઝિલિયન્ટ કોમ્પોનન્ટ ઈકોસિસ્ટમનો સમાવેશ થાય છે. સમાંતર યોજાનારા સત્રોમાં માઈક્રોન સપ્લાયર્સ રાઉન્ડટેબલ, જાપાન અને તાઈવાન સાથે કન્ટ્રી-સ્પેસિફિક રાઉન્ડટેબલ અને 'ફ્રોમ સિલિકોન ટુ સ્ટુડન્ટ્સઃ બિલ્ડીંગ ઈન્ડિયાઝ સેમિકન્ડક્ટર ફ્યુચર' (સિલિકોનથી વિદ્યાર્થીઓ સુધીઃ ભારતના સેમિકન્ડક્ટર ભવિષ્યનું નિર્માણ) શીર્ષક હેઠળ શિક્ષણ અને આઉટરીચ પર સેમિનારનો સમાવેશ થાય છે.

બીજા દિવસે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન **(SIR)** ખાતે ગાઈડેડ ટુરનું આયોજન કરવામાં આવ્યું છે, જે **GSEM, DICDL** અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા આયોજિત થશે. આ ગાઈડેડ ટુર પ્રતિનિધિઓને ગુજરાતના મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને પ્રત્યક્ષ જોવાની તક પ્રદાન કરશે.આ કોન્ફરન્સમાં પ્રતિષ્ઠિત વક્તાઓને આમંત્રિત કરવામાં આવ્યા છે, જેમાં **TEPL**ના સીઈઓ અને એમડી ડૉ. રણધીર ઠાકુર; માઈક્રોન ટેક્નોલૉજીના સીઈઓ શ્રી સંજય મેહરોત્રા; **CG** સેમીના ચેરમેન શ્રી જી. સી. ચતુર્વેદી; કેન્સ ટેક્નોલૉજીના એક્ઝિક્યુટિવ વાઈસ ચેરમેન શ્રી રમેશ કુન્હીકન્નન; **SEMI**ના સીઈઓ શ્રી અજિત મનોચા; અને જ્યોર્જિયા ટેકના એમેરિટસ પ્રોફેસર ડૉ. રાવ તુમ્માલાનો સમાવેશ થાય છે. તેમની ઉપસ્થિતિ ગુજરાતના સેમિકન્ડક્ટર વિઝનમાં વિશ્વના વધી રહેલા વિશ્વાસને દર્શાવે છે. વડાપ્રધાનશ્રીએ ભારતને અદ્યતન ટેક્નોલૉજી ક્ષેત્રે અગ્રણી બનાવવાનું જે સ્વપ્ન જોયું છે, તેને સાકાર કરવાની દિશામાં આ મહત્વપૂર્ણ પગલું છે.

આ પહેલને માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને કેન્સ સેમિકોન જેવી જાણીતી સેમિકન્ડક્ટર કંપનીઓ તેમજ **JETRO** (જાપાન), **KOTRA** (કોરિયા), ઈન્વેસ્ટ ઈન્ડિયા, ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન, **SEMI, IESA, ELCINA, ICEA** અને **MEDEPC** જેવા નોલેજ પાર્ટનર્સનું સમર્થન મળ્યું છે. તેમની ભાગીદારી વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વધી રહેલા આંતરરાષ્ટ્રીય સહયોગ અને રાષ્ટ્રીય પ્રગતિને દર્શાવે છે.

ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬ એક સીમાચિહ્નરૂપ કાર્યક્રમ બનશે, જે સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતના વિકાસનો પાયો નાખશે. આ કોન્ફરન્સ ટેક્નોલૉજીમાં આત્મનિર્ભરતા માટેના વડાપ્રધાનશ્રીના વિઝન અને ગુજરાતને નવીનતા અને રોકાણનું કેન્દ્ર બનાવવાની મુખ્યમંત્રીશ્રીની પ્રતિબદ્ધતા સાથે સંલગ્ન છે. આ દર્શાવે છે કે ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં નેતૃત્વ કરવા માટે તૈયાર છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### ગુજરાતમાં પોલીસ ભાડે મળે છે, પછી દમન થાય છેઃ ગોપાલ ઈટાલીયા

# ખેડૂતો પાણી માટે વલખા મારે છે અને સરકાર પાણી વેચે છેઃ ગોપાલ ઈટાલીયા

અમદાવાદ/જુનાગઢ/

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા આજે વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે આજે વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન ગૃહમંત્રીનો દિવસ હતો તો મારો સવાલ એ હતો કે ૨૦૧૨માં સુરેન્દ્રનગરના થાનગઢ ખાતે દલિત સમાજના નિર્દોષ યુવાનો પર પોલીસ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો, જેમાં કેટલાક યુવાનોના મૃત્યુ થયા અને સરકારે કહેવાતી એસઆઈટી બનાવી. હજુ સુધી પણ દલિત સમાજ ન્યાય માટે ઠેર ઠેર માંગણી કરી રહ્યો છે પરંતુ ન્યાય મળ્યો નથી. મારો સવાલ હતો કે ૨૦૧૩માં એ સમિતિની રિપોર્ટ આવ્યો અને એમાં જે પગલાં લેવાની વાત કરવામાં આવી હતી શું સરકારે પગલા લીધા કે નહીં? ત્યારે જવાબ મળ્યો કે અહેવાલ વિચારણા હેઠળ છે, મતલબ કે ૨૦૧૩થી હજુ સુધી આ લોકો હજુ વિચારણા જ કરી રહ્યા છે. મારો બીજો સવાલ હતો કે રાજકોટ સીટી, રાજકોટ જીલ્લો અને ભાવનગર જિલ્લામાં કુલ કેટલી એફઆઈઆર થઈ અને કુલ કેટલી ઘટનાઓમાં આરોપીઓનો વરઘોડો કાઢવામાં આવ્યો? જવાબ મળ્યો કે ૯૬૨૨૧ એફઆઈઆર નોંધાઈ તે પૈકી માત્ર ૨૫૧ ઘટનામાં વરઘોડો કાઢવામાં આવ્યો મારો સવાલ છે કે બધા લોકોનો વરઘોડો કેમ ન નીકળ્યો? ગરીબ અને લાચાર માણસના વરઘોડા નીકાળવામાં આવ્યા છે. ગુજરાતમાં પોલીસ ભાડે મળે છે એ એક દુઃખદ બાબત સામે આવી છે. જ્યારે કોઈ કંપનીએ કોઈ ખેડૂતના ખેતરમાંથી લાઈન નાખવી હોય અને થાંભલા નાખવા હોય ત્યારે કંપની સરકાર પાસેથી પોલીસ ભાડે માંગે છે. કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઓછામાં ઓછા ૧૨ કરોડ રૂપિયા લઈને પોલીસ ભાડે આપેલી છે અને એ પોલીસે ખેડૂતો પર દમન કર્યું, દાદાગીરી કરી અને જબરજસ્તીથી કંપનીઓની લાઈનો ખેડૂતના ખેતરોમાં નાખી. જેના ખિસ્સામાં પૈસા હોય પોલીસ એને ભાડે આપવામાં આવે તો આ દાદાગીરી અને અન્યાય છે.

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, બજેટમાં સરકાર ખૂબ ભાષણ કરે છે કે રૂપિયો ક્યાં જશે, પરંતુ રૂપિયો ક્યાંથી આવશે તેનો અભ્યાસ મેં આજે કર્યો. તો બજેટના દિવસે આપવામાં આવેલ એક પુસ્તકમાંથી એક વાત મને જાણવા મળી કે આ સરકાર પાણી વેચે છે. લોકોના ટેક્સથી બનેલા ડેમમાં ઈશ્વરે જે પાણી મોકલ્યું છે એને સરકાર વેચી રહી છે. હાથમતી સિંચાઈ યોજનામાંથી સિંચાઈનું પાણી આપવા બદલ સરકારને ૫૨ લાખની આવક થશે. અને અન્ય હેતુના પાણી વેચાણથી ૧ કરોડ ૭૦ લાખ આવશે. તો આ અન્ય એટલે શું? શું ભાજપના નેતાઓની ફેક્ટરીને પાણી આપવામાં આવશે? ઉકાઈ સિંચાઈ યોજનામાંથી સિંચાઈ માટેનું ૪૦ લાખનું પાણી સરકાર વેચશે. ગૃહ વપરાશ માટે ૧ કરોડનું પાણી વેચશે. અને અન્ય હેતુ માટે સો કરોડ પચાસ લાખનું પાણી સરકાર વેચશે. આ રીતે અનેક ડેમો અને નદીઓનું પાણી સરકાર ભાજપના નેતાઓના અને ઓળખીતાઓની ફેક્ટરીઓમાં સરકાર કરોડો અબજો રૂપિયાનું હજારો કરોડ લીટર પાણી વેચે છે. ત્યારે બીજી બાજુ ખેડૂતો પાણી માટે વલખા મારે છે.

# ગુજરાત રાજયમાં છેલ્લા બે વરસમાં ૪૩૬૦૪ કિલો ગૌ માંસ પકડાયુ હોવાનુ કબુલ્યુઃ વિધાનસભા ગૃહમાં ગૌ માંસ મામલે સરકારે આપ્યો લેખિત જવાબ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં વર્ષ ૨૦૨૫ ના અંત સુધી ગૌ માંસ સંબંધીત ગુન્હાઓ સામે પોલીસ દ્વારા મોટા પાયે કાર્યવાહી કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં આપવામાં આવેલા સરકારના લેખિત જવાબ મુજબ છેલ્લા બે વર્ષમાં કુલ ૪૩૬૦૪ ગૌ માંસ ઝડપાયુ છે.

આંકડા મુજબ ગૌ માંસ સાથે ૧,૨૭૨ ગૌ વંશ નુ માંસ પણ પોલીસે કબ્જે કર્યુ હતું. આ સમયગાળા દરમિયાન કુલ ૧૨૩૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જયારે હજુ ૧૦૭ આરોપીઓ પોલીસ પકકડ થી દુર હોવાનુ સરકારે સ્વીકાર્યુ છે, જિલ્લાવાર માહિતીમાં પંચમહાલ જિલ્લામાં સૌથી વધુ ગૌ માંસ પકડાયુ છે. પંચમહાલમાં ૨૧૮૭૧ કિલો ગૌ માંસ અને ૨૯૨ કિલો ગૌ વંશ નુ માંસ ઝડપાયુ છે. આ કેસોમાં ૪૦૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જયારે ૫૦ આરોપીઓ હજુ પણ ફરાર હોવાનુ જણાવાયુ છે.



# નાયબ મુખ્યમંત્રી ના કહેવાતા શહેર સુરતમાં સામુહિક આપઘાતની હચમચાવી નાંખે તેવી ઘટનાઃ વ્યાજખોરોના ત્રાસથી હસતો રમતો માળો વિખેરાઈ ગયો

પ્રતિનિધિ,ગાંધીનગર

નાયબ મુખ્યમંત્રીના કહેવાતા ડાયમંડ સીટી સુરતના વેસુ માં થી એક કરૂણ ઘટના બહાર આવી છે. વેસુના હેપ્પી એલિગન્સ બિલ્ડીંગમાં રહેતા બાલમુકુન્દ પરીવારે વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને સામુહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં પતિ પત્ની અને એક માસુમ દિકરીનુ મોત નિપજયુ હતું. જયારે બીજી દિકરીનો સદનસીબે આબાદ બચાવ થયો હતો.




વેસુ વિસ્તારની હેપ્પી એલિગન્સ બિલ્ડીંગમાં બાલમુકુન્દ પ્રકાશ ખેદ પોતાના પરીવાર સાથે રહેતા હતા. આ પરીવારે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ને જીવન ટુંકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પરંતુ દુર્ભાગ્યવશ બાલમુકુન્દ દવે, તેમના પત્ની અને એક દિકરી (ઉ.વ.આશરે ૫ થી ૭ વરસ) નુ મોત નિપજયુ છે. જયારે પરીવારની બીજી દિકરીનો જીવ બચી ગયો છે. જે હાલ હોસ્પીટલમાં સારવાર હેઠળ હોવાનુ જાણવા મળ્યુ છે.

પોલીસને ઘટનાસ્થળે થી ૩ પાનાની એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. આ ચિઠ્ઠીમાં વૈભવ રૂંગટા નામના શખ્સનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે કે વૈભવ રૂંગટા આ પરીવારને રૂપીયા માટે સતત માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો. આરોપીએ બાલમુકુન્દ ના ક્રેડિટકાર્ડ પણ મેળવી લીધા હતા, થોડા દિવસો પહેલા જ આરોપીએ પરીવારનુ મોપેડ પણ બળજબરી થી કબ્જે કરી લીધુ હતું. વૈભવ રૂંગટાના ત્રાસ અને આર્થિક પાયમાલીને કારણે પરીવારે આ આત્યાંતીક પગલુ ભર્યુ હોવાનુ સ્યુસાઈટ નોટ પરથી જણાઈ આવે છે. ઘટનાની ગંભીરતાને જોતા વેસુ પોલીસે તાત્કાલીક ધોરણે ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આરોપી વૈભવ રૂંગટા વિરૂધ્ધ દુષ્પ્રેરણા નો ગુન્હો દાખલ કર્યો હતો. પોલીસે પરીવારજનોએ લખેલી ૩ પાનાની સ્યુસાઈડ નોટને કબ્જે કરીને એફએસએલ ની મદદ લેવામાં આવી રહી છે. આ ઘટનાએ સુરત શહેરમાં ચકચાર મચાવી દીધી છે. મૃતક મહિલાના પરીવારજનો પણ ઘટનાસ્થળે પહોચી ગયા હતા અને તેમના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયુ હતું.

### ‘શૂન્ય’ દાવા દર્શાવ્યા, પરંતુ ગ્રામજનો કહે છે અમે અરજીઓ કરી છે : ચૈતર વસાવા

# પાડલિયા ગામની ઘટનાનું સત્ય બહાર લાવો, ગૃહમાં સરકારને AAP ધારાસભ્ય ચૈતર વસાવાનો સવાલ

### ટિયર ગેસ, લાઠીચાર્જ અને પોલીસ બંદોબસ્ત વચ્ચે આદિવાસી ગામ પર કાર્યવાહી પાછળની હકીકત શું છે?: ચૈતર વસાવા

અમદાવાદ/નર્મદા/ગાંધીનગર

આમ આદમી પાર્ટી ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે ગૃહમાં તારાંકિત પ્રશ્નો દરમિયાન તેમના અઢારમા ક્રમાંકના પ્રશ્ન હેઠળ અંબાજી નજીક પાડલિયા ગામમાં વન વિભાગ દ્વારા વનીકરણ માટે કેટલો પોલીસ બંધોબસ્ત અને કેટલા વાહનો ફાળવવામાં આવ્યા હતા અને કેટલી માંગણી કરવામાં આવી હતી તે અંગે પ્રશ્ન પૂછ્યો હતો. તેના જવાબમાં ગૃહમાં જણાવાયું કે બે સરકારી વાહનો અને અંદાજે ૩૦ જેટલા પોલીસ અધિકારી અને કર્મચારીઓની ફાળવણી કરવામાં આવી હતી. વધુમાં, કેટલા ટિયર ગેસના સેલ છોડવામાં આવ્યા અને કેટલા રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યા તે અંગે પૂછતાં જવાબ મળ્યો કે ટિયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા, પરંતુ પોલીસ દ્વારા કોઈ ફાયરિંગ કરવામાં આવ્યું નહોતું. ઉપરાંત, આ ઘટનામાં ૧૭ જેટલા પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હોવાનું પણ ગૃહમાં જણાવાયું. તેમણે જણાવ્યું કે આદિ અનાદિ કાળથી વસવાટ કરતો આદિવાસી સમાજ જંગલ અને પર્યાવરણનું સંરક્ષણ કરતો આવ્યો છે. પાડલિયા ગામની ઘટના પ્રકાશમાં આવી ત્યારે સમાચારોમાં તીર-કાંડા, ભાલા, પથ્થરમારો અને ૪૦થી વધુ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલો પ્રસારિત થયા હતા તેમજ બે-ત્રણ વાહનોને આગ ચાંપી દેવાઈ હોવાની માહિતી આપવામાં આવી હતી. તેઓ સ્થળ મુલાકાતે ગયા ત્યારે ગામજનો દ્વારા જણાવાયું કે તેઓ પેઢીઓથી ત્યાં રહે છે અને વન વિભાગે અચાનક વનીકરણના નામે કાર્યવાહી કરી કૂવા તોડી નાખ્યા, ઘરોને નુકસાન પહોંચાડ્યું અને વાતચીત દરમિયાન અચાનક લાઠીચાર્જ કર્યો. ગામજનોના કહેવા મુજબ ૨૭ જેટલા ટિયર ગેસના સેલ છોડાયા હતા અને ફાયરિંગ પણ થયું હતું, પરંતુ સત્તાવાર અહેવાલમાં ફાયરિંગ ન હોવાનું દર્શાવવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે સત્તાવાર રિપોર્ટ મેળવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે અને માહિતી મળ્યા બાદ ગૃહમાં રજૂ કરવામાં આવશે.

ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું કે પાડલિયા ગામમાં કેટલા લોકોએ જંગલ જમીન માટે દાવા અરજીઓ કરી છે તે અંગે પૂછતાં વન વિભાગ અને આદિજાતિ વિભાગ દ્વારા શૂન્ય દાવા દર્શાવવામાં આવ્યા હતા. પરંતુ ગામજનો સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે અનેક લોકોએ દાવા અરજીઓ કરી છે અને કેટલાક ખેડૂતો પાસે જૂના જંગલ ખાતાના દસ્તાવેજો પણ હોવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે ચાલુ નાણાકીય બજેટમાં અંબાજી અને આજુબાજુના વિસ્તારોમાં કોપર ખાણ માટે જોગવાઈ કરવામાં આવી છે. તેથી ગામોની જમીન નીચે ખનીજ સંસાધનો હોવાની શક્યતાને કારણે આટલો પોલીસ અને વન વિભાગનો બંદોબસ્ત કરવામાં આવ્યો હોય તેવી શંકા વ્યક્ત કરી. તેમણે યાદ અપાવ્યું કે જંગલ સુરક્ષા કાયદો અંગ્રેજ શાસનકાળમાં બનાવાયો હતો, જ્યારે આદિવાસી સમાજ હજારો વર્ષોથી ત્યાં વસે છે અને પરંપરાગત રીતે જંગલ પર તેમનો અધિકાર રહ્યો છે. તેમણે સરકારને અનુરોધ કર્યો કે આદિવાસી સમાજ સાથે આવું ફરી ન બને અને તેમના અધિકારોનું સંરક્ષણ કરવામાં આવે.

# ગુજરાતમાં સ્થાનિક નગરપાલિકાની ચુંટણીઓને લઈ કોંગ્રેસ એકશન મોડમાંઃ ૧૫ મહાનગરપાલિકાઓ જીતવા કોંગ્રેસે કમરકસી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. રાજયની ૧૫ મહાનગરપાલિકાઓમાં ચુંટણી યોજાવવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. વહિવટી તંત્ર દ્વારા સત્તાવાર કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. તો બીજી તરફ વિરોધ પક્ષ કોંગ્રેસ પણ આ વખતે એકશન મોડમાં જોવા મળી રહ્યો છે.




આ વખતે રાજયના નાના મોટા મુખ્ય શહેરોમાં ચુંટણીઓનો જંગ જામશે, જેમાં અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા, જામનગર, કરમસદ, આણંદ, ગાંધીધામ, નડીયાદ, મહેસાણા, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, મોરબી અને વાપીનો સમાવેશ થાય છે. ચુંટણી પંચ દ્વારા પારદર્શી અને સુચારૂ મતદાન માટે વહિવટી માળખુ તૈયાર કરી દેવામાં આવ્યુ છે. આ પ્રક્રિયાની મુખ્ય વિગતોની વાત કરીએ તો તમામ ૧૫ મહાનગરપાલિકાઓમાં મુખ્ય ચુંટણી અધિકારીઓની નિમણુંક કરી દેવામાં આવી છે. મુખ્ય અધિકારીઓને સહાયરૂપ થવા માટે મદદનીશ ચુંટણી અધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી છે. વહિવટી સરળતા ખાતર પ્રત્યેક ૨ થી અથવા ૩ વોર્ડ દીઠ એક ચુંટણી અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે. જેની સ્થાનિક સ્તરે મોનીટરીંગ મજબુત બની શકે. સત્તાધારી પક્ષ ભાજપને ટકકર આપવા માટે કોંગ્રેસે અત્યાર થી જ પાયાનુ કામ શરૂ કરી દીધુ છે. કોર્પોરેશન અને પંચાયતની ચુંટણીઓ માટે પક્ષ દ્વારા ખાસ રણનીતી ઘડવામાં આવી છે. કોંગ્રેસે દરેક જિલ્લામાં ખાસ ચુંટણી સમિતિઓની રચના કરી છે. જિલ્લા ચુંટણી સમિતિ સ્થાનિક સ્તરે મજબુત ઉમેદવારોના નામની પેનલ તૈયાર કરશે,

વોર્ડ વાઈઝ અને બેઠક વાઈઝ દાવેદારો પાસેથી નામ મંગાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. દાવેદારો પોતાના નામ જિલ્લા સમિતિ સમક્ષ રજુ કરી શકે, જિલ્લા સમિતિ સ્થાનિક સ્તરે નામો પર વિચાર વિમર્સ કરી પેનલ બનાવશે અને ત્યારબાદ આ નામોની યાદી પ્રદેશ ચુંટણી સમિતિને આખરી મંજુરી માટે મોકલવામાં આવશે. નોંધનીય છે કે એક બાજુ તંત્ર ચુંટણી માટે મશીનરી ગોઠવી રહ્યુ છે. તો બીજી તરફ રાજકીય પક્ષોમાં ટીકીટ મેળવવા માટે લોબીંગ શરૂ થઈ ગયુ છે. ખાસ કરીને ૧૫ મહાનગરપાલિકાઓના જંગ મા આ વખતે કોણ બાજી મારશે તેના પર સૌથી નજર રહેશે.

# સરકારી ભરતીમાં ૪૦ ટકા ગુણની શરત હટાવોઃ આદિવાસી ધારાસભ્યોનો મુખ્યમંત્રીને પત્ર : આઉટસોર્સિંગ દ્વારા અનામત ખતમ કરવાનુ ષડયંત્ર હોવાનો વિપક્ષનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાસ થવા માટે લઘુત્તમ ૪૦ ટકા ગુણની જે અનિવાર્યતા અમલી બનાવી છે તેની સામે હવે રાજકીય ગરમાવો આવ્યો છે. આદિવાસી સમાજના પ્રતિનિધિત્વ અને અનામતના હક્કો પર તરાપ મારતો આ નિર્ણય હોવાનો દાવો કરી વિપક્ષ ધારાસભ્યોએ આ ઠરાવને તાત્કાલીક રદ કરવાની માંગ કરી છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી સહિત અન્ય ધારાસભ્યોએ રાજયના મુખ્યમંત્રીને એક પત્ર લખીને રજુઆત કરી છે કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સામાન્ય વહિવટ વિભાગ દ્વારા જે ૪૦ ટકા ગુણની શરત રાખતો ઠરાવ કરવામાં આવ્યો છે તેને તાત્કાલીક અસર થી રદ કરવામાં આવે, ધારાસભ્યોએ વધુમાં જણાવ્યુ છે કે આદિવાસી સમાજના હિતોને સુરક્ષિત રાખવા માટે આ શરત હટાવવી અનિવાર્ય છે. વિપક્ષી નેતાઓએ પત્રમાં ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે આરક્ષણનો મુળ હેતુ સામાજિક અને આર્થિક ઉત્થાનનો છે. જે આ પ્રકારની કડક શરતોને કારણે કાયમ માટે ખતમ થઈ જશે તેમજ જો ૪૦ ટકા ગુણની મર્યાદાને કારણે લાયક ઉમેદવાર નહી મળે તો સરકાર તે જગ્યાઓ ખાલી રાખીને ભવિષ્યમાં આઉટ સોર્સિંગ અથવા કરારઆધારીત પધ્ધતિથી ભરતી કરશે અને કરારઆધારીત કે આઉટ સોર્સિંગભરતીમાં આરક્ષણનો કોઈ લાભ મળતો નથી, જે લાંબા ગાળે આદિવાસીઓના સરકારી સેવાના પ્રતિનિધિત્વને ભુંસી નાખવાનુ પધ્ધતિસરનુ પગલુ સાબિત થઈ શકે છે. ધારાસભ્યોએ પત્રમાં દલીલ કરી છે કે વહિવટી કાર્યક્ષમતા માત્ર પરીક્ષાના ગુણ થી જ સુનિશ્ચિત કરી શકાતી નથી, કોઈપણ ઉમેદવાર ની કાર્યક્ષમતા તેની નિમણુંક પછી આપવામાં આવતી સઘન તાલીમ અને ગ્રાઉન્ડ લેવલ ના અનુભવ દ્વારા વધુ સારી રીતે કેળવી શકાય છે. માત્ર ગુણના આધારે યોગ્ય ઉમેદવારોને તક થી વંચિત રાખવા એ યોગ્ય નથી, આ બાબતોને ગંભીરતાથી લઈને રાજય સરકાર તાત્કાલીક ધોરણે આ ઠરાવ પર ફેરવિચારણા કરે અને તેને રદ કરે તેવી ઉગ્ર માંગણીઓ કરવામાં આવી છે. જો આ શરત ચાલુ રહેશે તો આદિવાસી સમાજના શિક્ષિત યુવાનોમાં ભારે રોષ ફેલાવવાની શકયતા છે.

# સોલામાં પ્રેમ સંબંધની અદાવતમાં ફિલ્મી ઢબે ફાયરિંગ અને હથોડાથી હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં ગત અઠવાડિયે ધોળા દિવસે ફાયરિંગ અને જીવલેણ હુમલાની સનસનાટીભરી ઘટના સામે આવી હતી. ગત ૧૫ ફેબ્રુઆરીના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યાના અરસામાં ચાંદલોડિયાના બાલાજી ચાર રસ્તા પાસે, ’ઉગતી બંગલોઝ’ સામે આ હિંસક બનાવ બન્યો હતો.

ફરિયાદી પ્રકાશભાઈ દેસાઈ જ્યારે પોતાના એક્ટિવા પર પસાર થઈ રહ્યા હતા, ત્યારે પૂર્વ આયોજિત કાવતરું રચીને આરોપીઓએ ફોર-વ્હીલર કાર વડે તેમના એક્ટિવાને ટક્કર મારી નીચે પાડી દીધા હતા. ત્યારબાદ આરોપીઓએ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં મુખ્ય આરોપી મોન્ટુ દેસાઈએ પોતાની પાસે રહેલા દેશી બનાવટના કટ્ટાથી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. એટલું જ નહીં, હુમલાખોરોએ અત્યંત ક્રૂરતા દાખવી પ્રકાશભાઈના જમણા પગે હથોડાના ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલામાં સહ-આરોપી અંકુરજી ઠાકોર લાકડી વડે અને પિન્ટુકુમાર નાઈ બેઝબોલના બેટ (ધોકા) વડે ક્રૂરતા પુર્વક પ્રહારો કરતા રહ્યા હતા. ભોગ બનનારને રસ્તા પર પાડી દઈને બેરહેમીથી માર માર્યા બાદ, આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ હુમલા પાછળનું મુખ્ય કારણ પ્રેમ સંબંધની અદાવત હતી. ફરિયાદી પ્રકાશભાઈ અને આરોપી મોન્ટુ દેસાઈની પિતરાઈ બહેન વચ્ચે સંબંધ હોવાથી બંને પક્ષો વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલતો હતો.

# રાજકોટ થી સુરત બસમાં જતી મહિલાની છેડતીઃ મહિલા તાબે ન થતા બસમાંથી મહિલાને ફેંકી દીધી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ અમદાવાદ હાઈવે પર મધરાતે ચાલુ બસમાં મહિલાની છેડતી કરાઈ હતી. મહિલા તાબે ન થતા અને વિરોધ કરતા ચાલુ ટ્રાવેલ્સે ધકકો મારી મહિલાને બહાર ફેંકી દીધી હતી. ૩૦ વર્ષીય પરીણીતા રાજકોટની ગ્રીન લેન્ડ ચોકડી થી સુરત જવા બસમાં બેઠી હતી. લીબડી પાસે હાઈવે રોડ ની સાઈડ માં ઈજાગ્રસ્ત મળી આવી હતી. માથામાં ગંભીર ઈજા હોવાથી તેણીને રાજકોટ સીવીલ હોસ્પીટલમાં દાખલ કરાઈ હતી. બસના કલીનર સહિત ૩ યુવકો વિરૂધ્ધ આક્ષેપો કરાયા છે. બનાવના પગલે પોલીસ દોડતી થઈ ગઈ હતી. આરોપીઓને પકડવા અને સચ્ચાઈ કેટલી છે તે સાબિત કરવા માટે પોલીસે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર મુળ ઉત્તર પ્રદેશની વતની ૩૦ વર્ષીય પરીણીતા રાજકોટના જંગલેશ્વરમાં પોતાના પતિ અને એક પુત્ર સાથે રહે છે, પતિ છત ભરાઈ ની મજુરીનુ કામ કરે છે આ મહિલાના નણંદ સુરત રહે છે, નણંદની દિકરી એટલે કે ભાણેજનો આજે જન્મ દિવસ હતો, જેથી બર્થ ડે ઉજવવા મહિલા સુરત જતી હતી, રાત્રે ૯ વાગ્યાના અરસામાં મહિલા ગ્રીન લેન્ડ ચોકડી ખાતેથી સ્લીપર કોચ ટ્રાવેલ્સ બસમાં બેઠી હતી. તેને બસમાં બેસાડવા તેમના પતિ આવ્યા હતા, મહિલાએ વધુમાં જણાવ્યુ હતુ કે બસ ઉપડી અને ચોટીલા સુધી પહોચી હશે, ત્યાં જ એક ૧૮ થી ૧૯ વરસનો એક યુવાન આવ્યો હતો. જે મારી બાજુમાં સોફા બેઠો અને મારો હાથ પકડી લીધો હતો. મે તેનો વિરોધ કર્યો અને બસના કલીનરને જાણ કરી, જેથી તે યુવક ત્યાંથી ચાલ્યો ગયો, બીજી કોઈ જગ્યાએ બેસી ગયો, મેં આ બન્યુ એટલે મને બસમાંથી આગલા સ્ટેશન ઉતારી મુકવા કલીનરને કહ્યુ, પણ કલીનરે મને ઉતરવા દીધી નહી, થોડી વાર પછી ૩૦ થી ૩૫ વરસનો એક યુવાન મારી પાસે આવ્યો અને સોફામાં મારી બાજુમાં બેસી ગયો, પહેલા તેણે કહયુ કે એસી બંધ કરી દે, મે કહ્યુ મારે બંધ નથી કરવુ, તમે કેમ એક મહિલાની બાજુમાં આવીને બેઠા, બીજી કોઈ જગ્યાએ બેસો તેવુ મેં કહ્યુ હતું. આ યુવક પણ મારી પજવણી કરવા લાગ્યો, જેથી બસનો કલીનર આવી ગયો, મને બસની કેબીનમાં લઈ ગયો અને કહ્યુ કે ઉતરી જા, મેં કહ્યુ અડધા રસ્તે મારે નથી ઉતરવુ, પાછલા સ્ટેશને મેં કહ્યુ ત્યારે તમે મને ઉતરવા ન દીધી અને હવે આટલી રાત્રે ૧૨:૩૦ કલાકે હું અડધા રસ્તે ન ઉતરૂ, આમ વાતચીત બાદ બોલાચાલી કરી મને ચાલુ બસે કલીનરે ધકકો મારી દીધો હતો. મને માથામાં ઈજા થઈ જતા હું બેભાન થઈ ગઈ હતી. પછી મને યાદ નથી રહ્યુ કે શું થયુ,

પોલીસ સુત્રોએ જણાવ્યુ હતુ કે મહિલા લીબડી પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવી હતી તેને પહેલા લીબડી હોસ્પીટલ લઈ જવાઈ હતી. ત્યાંથી રાજકોટ સીવીલ હોસ્પીટલમાં દાખલ કરાઈ હતી. આ ઘટનાની જાણ તેના પતિને થતા પતિ પણ તાત્કાલીક હોસ્પીટલ દોડી આવ્યા હતા. પોલીસે મહિલાનુ નિવેદન લઈ તપાસ શરૂ કરી છે.


## પશ્ચિમ રેલ્વે

### વિદ્યુત કાર્ય

નાયબ મુખ્ય વિદ્યુત ઇજનેર (બાંધકામ) પશ્ચિમ રેલ્વે DRMની ઓફિસ, એનેક્સ બિલ્ડીંગ ત્રીજો માળ દો-બત્તી રતલામ (M.P.) 457-001, ટેન્ડર સૂચના નં. EL-C-RTM-2025-08-T, તારીખ: 23.02.2026 ને આમંત્રણ આપે છે. કાર્યનું નામ: રોહલ ખુર્દ-ભાટીસુદા અને નાઈખેરી-ચિંતામન સ્ટેશન વચ્ચે ઉજ્જૈન બાયપાસ લાઇન વચ્ચે નાગદા બાયપાસ લાઇનના સંદર્ભમાં HT અને LT ઇલેક્ટ્રિકલ ક્રોસિંગ/લાઇન ઉલ્લંઘનમાં ફેરફાર અને કમિશનિંગ. અંદાજિત કિંમત: ₹ 4,71,25,495/-. બિડ ડિપોઝિટ: ₹ 3,85,600/-ઓનલાઈન બિડિંગ શરૂ થવાની તારીખ: તા.02.03.2026. ટેન્ડર બંધ થવાની તારીખ: તા.16.03.2026 ના રોજ 15:00 કલાક સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. નોટિસ બોર્ડ: કોઈપણ સ્પષ્ટતાના કિસ્સામાં કંપનીઓ ઉપરોક્ત ઓફિસ સરનામે રૂબરૂ અથવા ઓફિસ ટેલિફોન નંબર 07412 233996 પર સંપર્ક કરી શકે છે; સંપર્ક ઈ-મેલ: dyceecrtm@gmail.com

1168

અમને લાઇક કરો: facebook.com/WesternRly



## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ ⇌ મેંગલુરુ વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09424 | અમદાવાદ - મેંગલુરુ | 27.02.2026 થી 20.03.2026 સુધી | 16:00 કલાક (શુક્રવાર) | 20:00 કલાક (બીજા દિવસે) |
| 09423 | મેંગલુરુ - અમદાવાદ | 28.02.2026 થી 21.03.2026 સુધી | 22:30 કલાક (શનિવાર) | 02:15 કલાક (સોમવાર) |

હોલ્ટઃ નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, ખેડ, ચિપલુણ, સાવરદા, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, કંકાવલી, સિંધુદુર્ગ, કુડાલ, થીવીમ, કરમાલી, મડગાંવ, કાનાકોના, કારવાર, અંકોલા, ગોકર્ણ રોડ, કુમતા, મુર્ડેશ્વર, ભટકલ, મુકામ્બિકા રોડ બાયંદૂર, કુંડાપુરા, ઉડુપી, મુલ્કી અને સુરથકલ સ્ટેશનો બંને દિશામાં.

રચનાઃ એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

મુસાફરો કૃપા કરીને સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09424 માટે બુકિંગ બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલ્લું છે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in

અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષીત ટીકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ ધ્વારા કરાતી સફાઈ કર્મચારીઓની ભરતીમાં ખોટી હાજરીનું ચાલતું કૌભાંડ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે વર્ગ-૩ ના ટેકનિકલ આસિસ્ટન્ટ, લેબ આસિસ્ટન્ટ, કેશ વિભાગ ના કર્મચારીઓ અને વર્ગ-૪ ના સફાઈ કામદાર, આયા, વોર્ડ બોય ની જગ્યાઓ કોન્ટ્રાક્ટ ધ્વારા ભરવામાં આવે છે. આ કોન્ટ્રાક્ટની જગ્યામાં જેટલા કામદારોની જરૂરિયાત હોય તેના કરતાં ઓછા કામદારો રોકી વોર્ડ અને અન્ય વિભાગોમાં સફાઈની કામગીરી યોગ્ય રીતે થતી નથી અને કોન્ટ્રાકટર અને સિવિલ હોસ્પિટલ સુરત ના જવાબદાર અધિકારીઓના મેળાપીપણામાં સરકારી નાણાંની ઉપાચત થાય છે.

હોસ્પિટલ માં રોજ ના કેટલા કર્મચારીઓ ને ફરજ માટે લેવા તેના કોઈ ધારા-ધોરણ નક્કી નથી. નવી સિવિલ હોસ્પિટલ સુરત ના નિવાસી તબીબી અધિકારી અને કોન્ટ્રાકટરના માણસો તેમજ નવી સિવિલ હોસ્પિટલના નિવૃત્ત થયેલા કર્મચારીઓ જેઓ હાલમાં કોન્ટ્રાક્ટ હેઠળ ફરજ બજાવે છે. તે સૌના મેળાપીપણામાં આ હાજરી કૌભાંડ કરી સરકારી નાણાંનો દૂર વ્યય અને ઉપાચત થાય છે.

આ કર્મચારીઓની રોજીંદી કેટલી જરૂરિયાત છે અને કેટલા કર્મચારીઓને ફરજ પર લેવામાં આવ્યા છે તેના આંકડા ફરજના બીજા દિવસે નક્કી કરવામાં આવે છે. જેથી કર્મચારીએ આગલા દિવસે ફરજ બજાવી છે કે કેમ તે નક્કી થઈ શકે નહીં. અને કોઈને નક્કી કરવામાં રસ પણ નથી.

નવી સીવીલ હોસ્પિટલ સુરતના કર્મચારીઓ, અધિકારીઓ સહુને તેઓના હોદ્દા પ્રમાણે ભાગ મળી જાય છે. કર્મચારીઓની રોજીંદી હાજરી અંગેની ઘનિષ્ટ તપાસ કરાવવા અને જવાબદારો સામે પગલાં લેવા અખિલ ભારતીય સફાઈ મજદૂર કોંગ્રેસના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શશિકાંત કે. સોલંકીની માંગણી છે.

# રાજસ્થાન સરકારે ગાયો ચરાવવા માટે ગોવાળોની નોકરીની શરૂ કરી ભરતી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજકાલ રાજસ્થાન સરકારની એક યોજના ખૂબ જ ચર્ચામાં છે અને એનું નામ છે ગાંવ ગ્વાલા યોજના. આ યોજનામાં ગાય ચરાવનારા ગોવાળોની ભરતી કરવામાં આવી રહી છે અને તેમને એને માટે પગાર પણ આપવામાં આવશે. રાજસ્થાનના શિક્ષણ પ્રધાન મદન દિલાવરે કોટા જિલ્લાના રામગંજ મંડીમાં ૧૪ ગામડાઓમાં ગોવાળની નિયુક્તિ કરી છે. સરકાર પ્રાચીન ગોચારણ પરંપરાને પુનર્જીવિત કરવા માટે આ નવી યોજના લાવી છે. આ ગોવાળો રોજ ગામની ગાયોને સામૂહિક રૂપે ગોચર ભૂમિ સુધી ચરાવવા લઈ જશે અને સાંજે એમને ઘરે પાછી લાવશે. ગાયોને આખો દિવસ ચરવા માટે છુટ્ટી મૂકી દેવામાં આવશે અને સાંજે પાછી એમને ગામના ઘરો માં મોકલવામાં આવશે. દર ૭૦ ગાયે એક ગોવાળની નિયુક્ત કરવામાં આવી છે. જો ગાયની સંખ્યા વધશે તો એ ગામમાં બીજા ગોવાળો પણ નિયુક્ત કરવામાં આવશે. દરેક ગોવાળને ગાય ચરાવવાનો પગાર ૧૦,૦૦૦/- રૂપિયા મળશે. આ યોજના ગામના દાતાઓના સહયોગથી સંચાલિત થઈ રહી છે.




# કોબ્રા-ક્વીન હોન્ગકોન્ગની રેસ્ટોરન્ટમાં પીરસી રહી છે કિંગ કોબ્રાની ચટાકેદાર વાનગીઓ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ચીનમાં ચિકન-મટન અને જીવડાંઓ રાંધીને પીરસતી રેસ્ટોરન્ટો ઘણી છે. પરંતુ ઘણા સમયથી ચાલતી એક અજીબ રેસ્ટોરાં આજકાલ સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ છે. એક ટ્રાવેલ બ્લોગરે બનાવેલી રીલે લોકોમાં કુતૂહલ જણાવ્યુ છે. આ રેસ્ટોરાંના મેનૂમાં જાતજાતના સાપોની વાનગીઓ છે અને એમાં કિંગ કોબ્રાનો પણ સમાવેશ થાય છે.

આ રેસ્ટોરાં એક મહિલા ચલાવે છે જેને સ્થાનિકો કોબ્રા-કવીન કહે છે. બહારથી સાવ જ સાધારણ ઢાબા જેવી દેખાતી આ રેસ્ટોરાં માં લાકડાની પેટીઓમાં સાપ સંઘરી રાખવામાં આવે છે. આ સાપ જીવતા જ હોય છે. ગ્રાહક એ લાકડાની પેટીઓમાંથી પોતાને જે સાપ ખાવો હોય એ સાપ પસંદ કરીને લઈ શકે છે.

એ પછી સાપને તળીને ક્રિસ્પી ચિપ્સની જેમ અથવા તો ઉકાળીને સૂપ કે શાકની જેમ પીરસવામાં આવે છે. તમે જેવો સાપ પસંદ કરો એ મુજબ ડિશની કિંમત નક્કી થાય છે. કિંગ કોબ્રામાંથી બનાવેલી વાનગીની એક ડિશની કિંમત ૧૮૦ ડોલર એટલે લગભગ ૧૬,૫૦૦ રૂપિયા છે. અહી સાપના અંગોમાંથી બનેલા હેલ્થ-ડ્રિંક્સ પણ મળે છે. હોન્ગકોન્ગમાં સાપની વાનગીઓને એકઝોટિક ફૂડ-કલ્ચર તરીકે પ્રમોટ કરવામાં આવ્યું છે. જો કે અનેક લોકો એને ખતરનાક અને અમાનવીય ગણાવે છે.



# ગુજરાતમાં બાળકીઓ હવે સલામત રહી નથી ? બાળકીઓ પર સતત અત્યાચાર વધી રહ્યો છેઃ ૫,૧૩૫ કેસ અદાલતોમાં પેન્ડીંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સુરક્ષા અને બેટી બચાવો બેટી પઢાઓ ના દાવાઓ વચ્ચે એક ચિંતાજનક વાસ્તવિકતા બહાર આવી છે. રાજયની માસુમ બાળકીઓ પરના દુષ્કર્મની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આઘાતજનક બાબત એ છે કે આ ગંભીર ગુન્હાઓના ૫૧૩૫ કેસો હજુ પણ અદાલતોમાં પેન્ડીંગ છે. ન્યાય પ્રક્રિયામાં થઈ રહેલા આ વિલંબને કારણે દિકરીઓને કયારે ન્યાય મળશે ? તેવો ગંભીર સવાલ ઉભો થવા પામ્યો છે.

ગુજરાતમાં સબ સલામતના દાવાઓ વચ્ચે બાળકીઓની સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઉભા થવા પામ્યા છે. કેન્દ્ર સરકારના રીપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫ દરમિયાન રાજયમાં પોકસો હેઠળ કુલ ૩૧૬૧૭ ગુન્હાઓ નોંધાયા છે. જે દર્શાવે છે કે સરેરાશ દર વરસે ૫ હજાર થી વધુ બાળકીઓ શિકાર બની રહી છે. સૌથી ચિંતાજનક બાબત ન્યાયમાં થઈ રહેલો વિલંબ છે. રાજયમાં ૩૫ ફાસ્ટટ્રેક કોર્ટ કાર્યરત હોવા છતાં હજુ પણ ૫૧૩૫ કેસો પેન્ડીંગ છે. જેમાંથી ૨૬૪૨ કેસો તો બે વરસથી વધુ સમયથી પેન્ડીંગ છે. આ આંકડાઓએ વાલીઓમાં ચિંતા ફેલાવી છે અને દિકરીઓની સલામતી સામે મોટુ પ્રશ્નાર્થ ચિન્હ મુકયુ છે. ગુજરાતમાં માસુમ બાળકીઓ પર વધતી દુષ્કર્મની ઘટનાઓએ રાજયની કાયદા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે. એક સમયે સુરક્ષિત ગુજરાત ગણાતુ રાજય હવે પોતાનુ આ બિરૂદ ગુમાવી રહ્યુ હોય તેવુ ચિંતાજનક ચિત્ર ઉપસી રહ્યુ છે. દિકરીઓની સુરક્ષાના બણગાં ફુંકતી સરકારના દાવાઓ વચ્ચે ગુન્હેગારોમાં કાયદાનો કોઈ ખૌફ રહ્યો નથી. માસુમ બાળકીઓની સલામતી હવે માત્ર નેતાઓના ભાષણો અને મંત્રીઓના નિવેદનો પુરતી જ સિમિત રહી ગઈ છે. વાસ્તવિકતામાં સતત વધતા જતા આ ગુન્હાઓએ ગુજરાતની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.




ગુજરાતમાં સતત વધી રહેલા પોકસો ના કેસ અને ડ્રગ્સના દરોડા રાજયની કથળતી કાયદા વ્યવસ્થાની સાક્ષી પુરે છે. ગુન્હાખોરીનો ગ્રાફ જે રીતે ઉંચે જઈ રહ્યો છે તેવુ ભયાનક ચિત્ર ગુજરાતમાં અગાઉ કયારેય જોવા મળ્યુ નથી. તેમ છતાં સત્તાધીશો અને ગૃહમંત્રી હર્ષ સંઘવી કાયદો વ્યવસ્થા સુધારવાને બદલે ઉદ્ઘાટનો અને હિન્દુ મુસ્લીમના ભાષણો કરી પ્રોટોકોલના ઠાઠમાં જ વ્યસ્ત હોય તેવુ જણાય છે.

રાજયના મુખ્યમંત્રીના વહિવટ પર પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. માસ્ટર મારે પણ નહી અને ભણાવે પણ નહી, તેવી સ્થિતિમાં ગુજરાતનુ શાસન ચાલી રહ્યુ તેવો ઘાટ સર્જાયો છે. હાઈકમાન્ડના રક્ષણ હેઠળ નેતાઓ જે રૂઆબ બતાવી રહ્યા છે તેની સામે સામાન્ય જનતા અને માસુમ દિકરીઓની સુરક્ષા રામભરોસે છોડી દેવામાં આવી હોય તેવુ ચિંતાજનક વાતાવરણ ઉભુ થયુ છે.

### મહિલા ફંગોળાઈ રોડ પર પટકાયા હતા

# નશામાં ધૂત પોલીસકર્મીએ એક્ટિવા રિક્ષા અને પાર્કિંગમાં ઉભેલી કારને ટક્કર મારી

(સંપૂર્ણ સમાચાર સેવા) વડોદરા,

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા પ્રતાપનગર બ્રિજ પાસે એક નશામાં ધૂત પોલીસ કર્મચારી એ પોતાની કાર બેફામ રીતે હંકારી એક્ટિવા, રિક્ષા અને પાર્ક કરેલી કાર સાથે અકસ્માત કર્યો હતો. એક મહિલા સહિત બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે ખસેડાયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મકરપુરા રોડ પર પ્રતાપનગર બ્રિજ પાસે ૨૫ ફેબ્રુઆરીના રોજ એક કાર ચાલકે અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને એક એક્ટિવા સવાર મહિલા અને રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. ઓવર સ્પીડ મા કાર હોવાના કારણે સાઈડમાં પાર્ક કરેલી અન્ય એક કારને પણ અડફેટે લીધી હતી. અકસ્માતના કારણે એક્ટિવા ચાલક મહિલા ફંગોળાઈ રોડ પર પટકાયા હતાં. જેનાં પગલે લોકો ભેગા થઈ ગયા હતા અને કાર ચાલકને બહાર કાઢ્યો હતો કાર ચાલક પોતે પોલીસ કર્મચારી હોવા સાથે વર્ધીમાં પણ હતો અને આ પોલીસ કર્મચારી ચિક્કાર નશામાં હોવાનું જણાઈ આવ્યું હતું. સ્થાનિકો ના જણાવ્યા મુજબ કારમાંથી દેશી દારૂની બોટલ પણ મળી આવી હતી. પોલીસની જ ગાડીમાં દારૂ જોઈને લોકો રોષે ભરાયા હતાં. પોલીસે હાલ આરોપી પોલીસકર્મીની અટકાયત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. તેનું મેડિકલ પરીક્ષણ કરાવવા સહિતની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા" દરમિયાન મોટી સંખ્યામાં ખેડૂતો આગેવાનો AAPમાં જોડાયા

# AAPની "પરિવર્તન લાવો ખેડૂત બચાવો યાત્રા" અંતર્ગત પાંચપીપળા, જેતપુર ખાતે યોજાઈ સભા

### AAP નેતા ઈસુદાન ગઢવી અને મનોજ સોરઠીયાએ ભાદર બચાવોના નારા સાથે અનશન પર બેઠનાર મહેશ કોટડીયાનું કર્યુ સન્માન

અમદાવાદ/રાજકોટ

આમ આદમી પાર્ટીની "પરિવર્તન લાવો ખેડૂત બચાવો યાત્રા" દરમિયાન આજે પાંચપીપળા, જેતપુર ખાતેથી "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા" અંતર્ગત સભાનું આયોજન થયું. આ સભામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રાજુ બોરખતરીયા, રાજકોટ જિલ્લા પ્રમુખ તેજસ ગાજીપરા અને જેતપુર તાલુકા પ્રમુખ દિલીપ ભુવા સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને સાથે સાથે ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતો પણ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન છેલ્લા ૧૫ દિવસથી ભાદર બચાવોના નારા સાથે અનશન પર બેઠેલા આગેવાન મહેશભાઈ કોટડિયાનું પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત પ્રદેશ નેતાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.



સભાને સંબોધન કરતાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે જેતપુરમાં આ પહેલાં પણ જ્યારે મહેશભાઈ અનશન પર ઉતર્યા હતા ત્યારે છાવણીમાં તેમની મુલાકાત લીધી હતી. આજે ત્રિવેણી સંગમ પર ઘણા સમયથી તમે બધા બેઠા છો. તેમણે ઉમેર્યું કે મહેશભાઈના અનશનનો આજે સોળમો દિવસ છે. મારા માટે તો સાંજે છ વાગ્યે જમવાનું મોડું થાય તો મુશ્કેલ લાગે છે, અને અહીં મહેશભાઈ સોળ દિવસથી અનશન પર છે. ઈસુદાન ગઢવીએ કહ્યું કે જ્યારે અન્યાય સતત ચાલે છે ત્યારે ક્યાંક પ્રજા ટેવાઈ જાય છે, ક્યાંક નેતાઓ નબળા પડે છે અને ક્યાંક અધિકારીઓ લાંચિયા બની જાય છે. જ્યાં અત્યાચાર અને અન્યાય થાય છે, ત્યાં જવાબદારી નક્કી થવી જ જોઈએ. તેમણે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) અંગે પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે તેનું કામ રાજ્યમાં પાણી અને હવાના પ્રદૂષણને રોકવાનું છે. "સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ જેવી સંસ્થાઓ છે, છતાં જો પ્રદૂષણ રોકાતું ન હોય તો જવાબદાર કોણ? તેમણે દાવો કર્યો કે રાજ્યમાં આશરે સત્તર સો ઈન્ડસ્ટ્રીઝ કાર્યરત છે અને પ્રદૂષણના મુદ્દે ગંભીર સ્થિતિ છે. લાખો બાળકો બીમારીનો ભોગ બને છે અને છતાં જવાબદારી નક્કી થતી નથી.

ઈસુદાન ગઢવીએ વધુમાં કહ્યું કે, "જ્યારે સુધી હું આમ આદમી પાર્ટીનો પ્રદેશ અધ્યક્ષ છું, ત્યારે સુધી અન્યાય સામે લડત ચાલુ રહેશે. જરૂર પડે તો લાખો કાર્યકર્તાઓ અનશન પર બેસવા તૈયાર છે. તેમણે ચેતવણી આપી કે પ્રાદેશિક અધિકારીઓ અને સંબંધિત વિભાગોની મિલકતોની તપાસ થવી જોઈએ અને ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. લાંચિયા અધિકારીઓ અને ભ્રષ્ટ નેતાઓ સામે કાયદેસર પગલાં લેવાશે, એમ તેમણે જણાવ્યું. જનતાને સંદેશ આપ્યો કે મતદાન સમયે જાગૃત રહેવું જોઈએ.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે સરકારની સામે કોઈ બોલવાવાળું નથી, ત્યારે આ ભાદર નદીને બચાવવા માટે મહેશભાઈ કોટડીયા એ જે લડાઈ અપનાવી એ બદલ હું એમને અભિનંદન આપું છું. આજે તેમના અનશનને ૧૬ દિવસ થયા તેમ છતાં પણ તેઓ પોતાના મુદ્દાને લઈને સંઘર્ષ કરી રહ્યા છે. આજે ગુજરાતમાં આગેવાનો નથી, ત્યારે આમ આદમી પાર્ટી જ્યારે લોકોના મુદ્દા ઉઠાવે છે ત્યારે ભાજપના નેતાઓના પેટમાં તેલ રેડાય છે કારણ કે એમને એવું છે કે ભાજપની સામે કોઈ બોલવું જ ન જોઈએ. આવી પરિસ્થિતિમાં વિસાવદરની જનતાએ ગુજરાતને એક નવી આશા આપી કે ગુજરાતમાં પરિવર્તન આવી શકે છે અને ભાજપને હરાવી શકાય છે. જ્યારે કડદા કાંડનું આંદોલન બોટાદમાં શરૂ થયું, ત્યારે મહેશભાઈ ત્યાં પણ ગયા હતા અને તેઓ જેલમાં પણ ગયા અને જેલમાંથી આવ્યા બાદ ભાદર બચાવોનું આંદોલન શરૂ કર્યું અને હાલ તેઓ ઉપવાસ પર બેઠા છે તો હું સ્પષ્ટપણે કહું છું કે આપણને આવા વિરલાઓ મળવાના નથી. આવા વિરલાઓ ત્યારે જ પેદા થશે જ્યારે લોકોનો સાથ અને સહકાર હશે.

આ અગાઉ બપોરે પ્રાંસલી, કેશોદ ખાતે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને ફ્રંટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ હસ્તક અનેક કિસાન નેતાઓ પાર્ટીમાં જોડાયા હતા. ધીરૂભાઈ ઝાટીયા - પ્રમુખ, ખેડૂત હિત રક્ષક સમિતિ તેમજ કેશોદ તાલુકા પૂર્વ ઉપપ્રમુખ, આ સિવાય વાલભાઈ - મૈયા દરબાર સમાજના પૂર્વ પ્રમુખ, ભરતભાઈ - નોંજણવાવ પૂર્વ સરપંચ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને ફ્રંટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ હસ્તક આ તમામ આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ તમામ મહાનુભાવોને પાર્ટીમાં જોડવા બાલાભાઈ કાનગઢ તેમજ મેરામભાઈની મહત્વની ભૂમિકા રહી હતી.

### ૧૦૮ દિવસની જેલ બાદ પ્રથમ વખત ખેડૂતોને મળવા આવી રહ્યો છુંઃ પ્રવીણ રામ

# "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા" અંતર્ગત જામખંભાળિયામાં સભાનું આયોજનઃ પ્રવીણ રામ

અમદાવાદ/દેવભૂમિ દ્વારકા/

આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા પ્રવીણ રામે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર વાત કરતા જણાવ્યું હતું કે, ગતરોજથી સોમનાથથી આમ આદમી પાર્ટીની જે "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા"ની શરૂઆત કરી છે, આ યાત્રા ૨૬ ફેબ્રુઆરીના રોજ જામખંભાળિયાના ભાણખોખરીના પાટિયા પાસે પહોંચી રહી છે અને ત્યાં એક મોટી સભાનું આયોજન યોજાશે.

આ સભામાં ખાતરના મુદ્દા, બિયારણના મુદ્દા, પાકને મળતા ભાવના મુદ્દા, વીમાના પ્રશ્નો અને સાથે સાથે ભારત અને અમેરિકાની ટ્રેડ ડીલને લઈને ખેડૂતોને જે નુકસાન થવાનું છે, આ તમામ મુદ્દે આ સભામાં ચર્ચા કરવામાં આવશે અને અવાજ ઉઠાવવામાં આવશે.

વધુમાં ખેડૂત નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, આ સભામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા પણ ઉપસ્થિત રહેશે. તો હું આ વિસ્તારના તમામ ખેડૂતોને આ કાર્યક્રમમાં જોડાવા માટે આહવાન કરું છું. હું ખેડૂતોને એટલા માટે ખાસ કરીને આમંત્રણ આપું છું કારણ કે ખેડૂતો માટે ૧૦૮ દિવસની જેલ કાપ્યા બાદ હું પ્રથમ વખત આ યાત્રાના માધ્યમથી ગુજરાતના ખેડૂતો વચ્ચે આવી રહ્યો છું. તો હું આપ સૌને મળવા માંગુ છું, તો આપ તમામ લોકો મોટી સંખ્યામાં પધારો, એવી મારી અપીલ છે. આપણે તમામ લોકો મળીએ, ખેડૂતો માટે ચર્ચા કરીએ અને ખેડૂતોના મુદ્દાને ઉજાગર કરીએ, એ માટે આપ સૌ લોકો આવતીકાલે સાંજે ૬ વાગે મોટી સંખ્યામાં પધારો એવી તમામને અપીલ છે.

# ખેડા જિલ્લા ભાજપના નેતા ભારતસિંહ પરમારની ફરી કોંગ્રેસમાં ઘરવાપસી

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેડા જિલ્લાના રાજકારણમાં જાણીતુ નામ અને ભાજપના નેતા ભારતસિંહ પરમારે ભારતીય જનતા પાર્ટીને રામ રામ કરી ફરી એકવાર કોંગ્રેસ નુ સભ્યપદ સ્વીકાર્યુ છે. અગાઉ ખેડા જિલ્લા કોગ્રેસ પ્રમુખ તરીકે લાંબો સમય સેવા આપનાર અને ભાજપની ટીકીટ પર મહુધા વિધાનસભાની ચુંટણી લડનાર ભારતસિંહ પરમારે પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતા અમિત ચાવડાની ઉપસ્થિતિમાં વિધીવત રીતે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. વરસો સુધી કોંગ્રેસમાં રહીને ભાજપમાં જોડાયા બાદ હવે ફરીથી જુના પક્ષમાં પરત ફરતા જિલ્લાના રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ખેડા જિલ્લાના રાજકારણમાં મોટો હોદ્દો ધરાવતા ભારતસિંહ પરમારનો રાજકીય ઈતિહાસ ઘણો લાંબો રહ્યો છે. તેઓ અગાઉ ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી ચુકયા છે. તેઓએ તાલુકા પંચાયતના પ્રમુખ પણ રહી ચુકયા છે. જયારે તેઓ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પદે કાર્યરત હતા તે સમયે કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયા હતા. ભાજપ દ્વારા તેઓને મહુધા વિધાનસભા બેઠકની ટીકીટ આપવાના વચન સાથે પક્ષમાં લેવામાં આવ્યા હતા અને તેઓએ ભાજપના મેન્ડેટ પર વિધાનસભાની ચુંટણી પણ લડી હતી. જો કે તે ચુંટણીમાં તેઓનો પરાજય થયો હતો. તેમ છતાં ભાજપમાં જોડાયા બાદ તેઓએ પક્ષના સંગઠનને મજબુત કરવા માટે પાયાની કામગીરી કરી હતી.



ભાજપમાં લાંબો સમય વિતાવ્યા બાદ અને સંગઠનલક્ષી કામગીરી કર્યા પછી હવે ભારતસિંહ પરમારે ફરીથી કોંગ્રેસમા જોડાવવાનો નિર્ણય લીધો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતા અમિત ચાવડાની હાજરીમાં આયોજીત કાર્યક્રમમાં તેઓએ પક્ષનો ખેસ પહેરીને કોંગ્રેસમાં ઘરવાપસી કરી હતી. ખેડા જિલ્લામાં ખાસ કરીને મહુધા અને આસપાસના વિસ્તારોમાં ભારતસિંહ પરમારનુ મોટુ પ્રભુત્વ હોવાથી તેમના પક્ષ પલ્ટાની સીધી અસર આગામી સ્થાનિક અને રાજય સ્તરની ચુંટણીઓ પર અસર પડવાની શકયતા છે. ભાજપના એક સક્રિય નેતાના જવાથી સત્તાધારી પક્ષ ભાજપને ફટકો પડયો છે.

# ગુલાબ કુંવરબા આયુર્વેદીક કોલેજને છેલ્લા ૫ વરસથી ભાજપ સરકારે મારી દીધા તાળા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની ઐતિહાસિક ૧૯૪૬ માં સ્થપાયેલી ગુલાબ કુંવરબા આયુર્વેદીક કોલેજને છેલ્લા ૫ વરસથી ભાજપ સરકારે તાળા મારી દેવાનુ પાપ કર્યુ છે. જેના લીધે વ્યાજબી ફી માં આર્યુવેદીકના સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસક્રમોની તક છીનવાઈ હોવાનો ગંભીર આરોપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યુ હતુ કે ગુજરાતની સૌથી જુનામાં જુની ૧૯૪૬ માં સ્થપાયેલી શ્રી ગુલાબ કુંવરબા આર્યુવેદીક મહાવિદ્યાલય પ્રતિષ્ઠિત આર્યુવેદીક સંસ્થા કે જેમાં દર વરસે મેરીટ ધરાવતા ઉત્તમ ૬૦ આયુર્વેદીક ડોકટરો તૈયાર કરવાની મહત્વની કામગીરી થતી હતી.

ગુજરાત સરકાર ના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા ૨૧/૧૧/૨૦૨૦ ના રોજ એક પરીપત્ર થી રાષ્ટ્રીય દરજજાનો નિર્ણય કર્યો, જેમાં તમામ મિલ્કતો રૂપાંતર કરવામાં આવી પણ આજે ૫-૫ વરસ જેટલો સમય વીતી ગયો છતાં ૬૦ વરસ જુની ઐતિહાસિક સ્નાતક / અનુસ્નાતક આયુર્વેદીક કોલેજ શરૂ કરવા માટે કોઈ કામગીરી કરવામાં આવી નથી. જે ઘણી જ ગંભીર બાબત છે.

ગુજરાત આયુર્વેદીક યુનિર્વસિટી એકટ ૨૦૨૧ ની કલમ ૪ અન્વયે હેડ કવાર્ટર સ્થળ નકકી કરવાની જવાબદારી રાજય સરકારની છે. ગુજરાત આયુર્વેદીક યુનિર્વસિટી એકટ ૨૦૨૧ ની કલમ ૮ (૨) મુજબ ગુજરાત સરકાર કક્ષાએથી સ્નાતક કોન્સ્ટીટયુટ કોલેજનો નિર્ણય કરવાની જવાબદારી રાજય સરકારની છે. ગુજરાત આયુર્વેદીક યુનિર્વસિટી એકટ ૨૦૨૧ ની કલમ ૩૬ (૨) મુજબ ગુજરાત સરકાર ની કક્ષાએથી અનુસ્નાતક (-) કોલેજ અથવા પીજી સેન્ટરનો નિર્ણય કરવાની જવાબદારી રાજય સરકારની છે એટલે કે કાયદો અમલ આવ્યાના ૫-૫ વરસ વીતી ગયા છતાં રાજય સરકાર આયુર્વેદ કોલેજ સ્નાતક / અનુસ્નાતક અને હેડ કવાર્ટર અંગે નિર્ણય કરતી નથી અથવા તો જાણી જોઈને વ્યાજબી ફી માં આયુર્વેદા શિક્ષણ થી ગુજરાતના વિદ્યાર્થીઓને વંચિત રાખવાનુ પાપ કરી રહી છે.

ગુજરાતમાં છેલ્લા ૧૦ વરસથી આયુર્વેદા કાઉન્સિલ દ્વારા ગુજરાતની કોલેજોને મંજુરીમાં અતિવિલંબ કરીને પ્રવેશ પ્રક્રિયાને ખોરંભે પાડી રહી છે.

સરકારી ગ્રાન્ટેડ કોલેજોને તાળા મારીને ખાનગી આયુર્વેદ કોલેજોને ૩.૮૦ લાખ થી ૯ લાખ જેટલી માતબર ફી ઉઘરાવવાના લુંટના લાયસન્સ ભાજપ સરકારે આપી દીધા છે. જે ઘણી જ ગંભીર બાબત છે.